પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૬૧, કુલ પાના:૪, તારીખ: ૨૯-૦૬-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 261 PRICE :-RS. 1.50 DATE : 29-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### અમદાવાદ, સુરત,રાજકોટ,વડોદરામાં વેક્સિન ખૂટી પડતાં લોકોમાં રોષ

## રાજ્યમાં અપૂરતા સ્ટોકથી વેક્સિનેશન 'મહાઅભિયાન'નું સુરસુરિયું




- સાત દિવસમાં વેક્સીનેશન ૫૦% ઘટી ગયું, અમદાવાદમાં સૌથી વધુ તો ડાંગમાં સૌથી ઓછું રસીકરણ.
- રાજ્યમાં અત્યાર સુધી કુલ ૨.૪૮ કરોડ લોકોને કોરોનાની વેક્સિન આપવામાં આવી જેમાં ૧.૩૫ કરોડ પુરુષ અને ૧.૧૩ કરોડ મહિલાઓનો સમાવેશ.

ન્યુ દિલ્હી,

ગુજરાતમાં એક તરફ પૂરજોશમાં વેક્સિનેશનનો દાવો કરવામાં આવી રહ્યો છે. પંરતુ ગુજરાતમા વેક્સીનનો જથ્થો ન હોવાની બૂમો પડી રહી છે. અમદાવાદ, વડોદરા, સુરતમાં વેક્સિન ન હોવાના સમાચાર આવી રહ્યા છે. જેથી અનેક સેન્ટરો પર હાલ વેક્સિનેશન કાર્યક્રમ અટકી પડ્યા છે. લોકો વેક્સિન લીધા વગર પરત ફરી રહ્યાં છે.

અમદાવાદમાં કોવિડ વેક્સીનેશન મામલે શહેરમાં અંધાધૂંધી યથાવત જોવા મળી રહી છે. અમદાવાદમાં રસીનો પૂરતો સ્ટોક ન હોવાથી અનેક સેન્ટરો પર લોકોની ભીડ જોવા મળી રહી છે. શહેરના બોડકદેવના દીનદયાળ હોલ ખાતે રસી લેવા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા છે. ત્યારે રસી લેનારની લાંબી લાઈનમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. ભીડને કાબૂમાં લેવા પોલીસ જવાનો પણ ઉપસ્થિત છે.

રસીના મળતા અપૂર્તા સ્ટોક મામલે સરકારમાંથી રસીનો સ્ટોક ન આવતો હોવાની એએમસી દ્વારા કબુલાત કરવામાં આવી છે. દૈનિક ૧ લાખ વેક્સીનેશન કરવાના સરકારના દાવાની હવા નીકળી છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે શહેરમાં ૨૦ હજાર લોકોને જ રસી આપવામાં આવી હતી. જો કે, રસીનો પૂરતો સ્ટોક ન હોવાથી એકાએક ઓનસ્પોટ રસીકરણ બંધ કરી દેવામાં આવ્યું છે. માત્ર સ્લોટ મેળવનારને જ રસી આપવામાં આવી રહી છે.

સુરતમાં પણ વેક્સીનેશનમાં બુમો પડતી જોવા મળી રહી છે. સુરતમાં ઓનસ્પોર્ટ વેક્સીન ઝુંબેશનું સુરસુરીયું થતું જોવા મળી રહ્યું છે. સુરતમાં કોવિડ વેક્સીનના અપૂરતા સ્ટોકને કારણે ૧૩૦ સેન્ટરો બંધ કરી દેવામાં આવ્યા છે. જ્યારે માત્ર ૧૦૦ સેન્ટરો જ હાલ પુરતા કાર્યરત છે. સુરતમાં હાલ પ્રત્યેક સેન્ટર પર ૨૦૦ થી ૨૫૦ લોકોને જ વેક્સીન આપવામાં આવી રહી છે. ત્યારે આ અંગે સોશિયલ મીડિયા થકી લોકોને જાણકારી આપવામાં આવી રહી છે.

નવસારી જિલ્લામાં ફરી એકવાર વેક્સીનેશન પર બ્રેક લાગી ગઈ છે. જિલ્લામાં શરૂ કરવામાં આવેલા ૨૭થી વધુ સેન્ટરો પર રસી ન આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અપોઈટમેન્ટ બુક કરાવ્યા છતાં રસી ન મળતા લોકોએ તંત્ર સામે સવાલો ઉઠાવી રહ્યા છે. નવસારી નગરપાલિકા હાઈસ્કૂલમાં રસી લેવા માટે લોકોની ભારે ભીડ જામી હતી. ત્યારે લોકોની ભીડને દૂર કરવા માટે ટાઉન પોલીસ સ્થળ પર દોડી આવી હતી. રસી ન મળતા લોકો ફરી એકવાર નિરાશ થઈને ઘેર પરત ફર્યા હતા. ત્યારે આ સમગ્ર મામલે આરોગ્ય વિભાગે મૌન ધારણ કર્યું હતું.

ગુજરાતમાં અત્યારસુધી કુલ ૨.૪૮ કરોડ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી છે. જેમાં ૧.૩૫ કરોડ પુરુષ અને ૧.૧૩ કરોડ મહિલાનો સમાવેશ થાય છે. જેમાં ૧૯,૬૨,૩૩૫ હેલ્થ તેમજ ફ્રન્ટ લાઈન વર્કરને પ્રથમ ડોઝ, જ્યારે ૧૨,૦૭,૩૭૫ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૪૫ વર્ષથી વધુ વયના ૧,૦૬,૯૬,૮૬૫ લોકોને પ્રથમ ડોઝ અને ૩૯,૮૩,૧૧૫ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૮થી ૪૫ વર્ષની વયના ૬૮,૩૪,૬૦૭ લોકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે, જ્યારે ૧,૯૪,૮૩૦ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

રાજ્યમાં સૌથી વધુ રસીકરણ: સૌથી વધારે રસીકરણ કરનાર જિલ્લા કે કોર્પોરેશનની વાત કરવામાં આવે તો અમદાવાદમાં સૌથી વધારે ૨૮,૪૫,૬૩૦ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. સૌથી ઓછા રસીકરણની વાત કરવામાં આવે તો આદિવાસી વિસ્તાર એવા ડાંગમાં ફક્ત ૫૮,૦૪૨ લોકોએ કોરોનાની વેક્સીન લીધી છે.

## ગુજરાતમાં સારા વરસાદ માટે આગામી ૧૦ દિવસ જોવી પડશે રાહ

ગાંધીનગર,

છેલ્લા થોડા દિવસમાં રાજ્યના વિવિધ ભાગમાં મેઘરાજાએ મહેર કરતાં ઠંકડ પ્રસરી હતી. જોકે, હવે ફરીથી ઉકળાટ અને અસહ્ય ગરમીના દિવસો પાછા આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના નહિવત્ છે. વરસાદી સિસ્ટમ સક્રિય ના થતાં ભારે વરસાદની સંભાવના નહિવત્ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. જુલાઈના બીજા અઠવાડિયા બાદ સિસ્ટમ સક્રિય થાય અને સારો વરસાદ આવે તેવી વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

ગુજરાતમાં આગામી બે અઠવાડિયા સુધી વરસાદની સંભાવના નહિવત્ દેખાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી આઠ-દસ દિવસ સુધી વરસાદ વિરામ લેશે. ૨૯ જૂન પછી મેઘરાજા લાંબો વિરામ લે તેવી સંભાવના છે. પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. આમ, લાંબા ગાળાના વરસાદના વિરામથી ખેતીના પાકને અસર પહોંચી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, હવે રાજ્યમાં આગામી દોઢથી બે સપ્તાહ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા નથી. હવામાન વિભાગે કહ્યું કે, જૂન મહિનામાં ગુજરાતમાં સારો વરસાગ થયો છે. હવે દોઢ સપ્તાહ સુધી ગુજરાતમાં વરસાદની કોઈ એક્ટિવ સિસ્ટમ નથી, જેથી ભારે વરસાદની સંભાવના નથી. રાજ્યમાં વરસાદી માહોલ બાદ તાપમાનનો પારો ઘટીને ૩૧ ડિગ્રી નીચે જતો રહ્યો હતો. જેના કારણે ગરમી જતી રહી હોય તેવો અનુભવ લોકોને થયો હતો. જોકે, વરસાદે વિરામ લેતાં તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. બીજી તરફ નૈઋત્ય દિશા તરફથી ભેજવાળા પવન ફૂંકાતા બફારાનું પ્રમાણ વધ્યું છે. આમ લોકો અસહ્ય ગરમી અને બફારાથી બેહાલ થયા છે. ત્યારે હજુ આગામી દિવસો દરમિયાન અસહ્ય ગરમી અને બફારો સહન કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જોકે, જુલાઈના બીજા અઠવાડિયામાં ગરમી-બફારાથી રાહત મળશે.

## રાજ્ય સરકારે માસ્ક દંડ ઘટાડવા અંગે હાઈકોર્ટમાં રજૂઆત કરી




અમદાવાદ,

કોરોનાના નિયમપાલન નહીં કરતાં નાગરિકો સામે કડક પગલાં ભરવા માટે દંડ વસૂલાત તેમજ ગુના નોંધવામાં આવી રહ્યાં છે. ગુજરાત સરકારે માસ્ક દંડ ઘટાડીને અડધો એટલે કે ૫૦૦ રૂપિયા કરવા માટે હાઈકોર્ટ પાસે રજૂઆત કરી છે.

માસ્ક દંડ અડધો કરવામાં આવશે તો ગુજરાતના પ્રજાજનોના દરરોજના ૫૦ લાખ રૂપિયા બચશે. ગુજરાતમાં સરેરાશ દરરોજ ૧૦,૦૦૦ લોકો પાસેથી કોરોના નિયમભંગ માટે માસ્ક દંડ વસુલવામાં આવે છે તે અડધો થતાં લોકોને રાહત થશે.

જો કે, કોરોનાના નિયમ નહીં પાળીને ૨૫૦ કરોડ રૂપિયા જેટલી તોસ્તાન રકમ એક વર્ષમાં ભરપાઈ કર્યા પછી પણ દરરોજના ૧૦,૦૦૦ નાગરિકો દંડાઈ રહ્યાં છે. અમદાવાદમાં ૭૫૦૦૦ સહિત રાજ્યમાં ૫.૧૩ લાખ લોકો કોરોના નિયમભંગ માટે ગુના નોંધાતાં આરોપી બન્યાં છે. કોરોનાનો ત્રીજા વેવ ઘાતક બનવાની ભીતિ વચ્ચે સ્વયંશિસ્તના અભાવની ચાડી પૂરતાં દંડ અને ગુના નોંધાયાંના આંકડાથી લોકજાગૃતિ વધે જે જરૂરી જણાય છે.

કોરોનાથી બચવા માટે માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું આવશ્યક છે. આમ છતાં, ઘણાંખરાં લોકો તેનો અમલ કરતાં નથી. આ કારણે જ અમદાવાદમાં દરરોજ ૨૫૦૦થી વધુ લોકો દંડ ભરે છે આૃથવા તો ગુના નોંધાતાં આરોપી બને છે. ગુજરાત રાજ્યમાં દરરોજ ૧૦,૦૦૦ લોકો પાસેથી દંડ વસુલાત કે ગુનાની નોંધણી થાય છે.

## વડોદરામાં કોરોના રસી અંગે ભ્રામક અફવા ફેલાવતા ૮ ઝડપાયા



વડોદરા,

શહેરમાં કોવિડ-૧૯ની રસી અંગે અફવા ફેલાવવાનો પ્રયાસ કરનાર બે મહિલા સહિત આઠ શખ્સની પોલીસે ધરપકડ કરી હતી. સવારે સયાજીબાગમાં ભેગા થયેલા તમામ આરોપીઓએ માસ્ક પહેર્યું નહોતું અને તેઓ કથિત રીતે એન્ટી-વેક્સિન અભિયાન શરૂ કરવાની યોજના બનાવી રહ્યા હતા, તેમ પોલીસ કર્મચારીઓએ જણાવ્યું હતું. આરોપીઓએ 'અવેકન ગુજરાત મૂવમેન્ટ' અને 'અવેકન વડોદરિયન્સ' નામનું ગ્રુપ બનાવ્યું હતું.

'આ વર્ષના જાન્યુઆરી મહિનામાં, તેમણે કોવિડ વિરોધી પૅમ્ફલેટની પણ વહેંચણી કરી હતી. અમને જાણકારી મળી હતી કે, તેઓ રવિવારે ફરીથી આમ કરવાની યોજના બનાવી રહ્યા હતા, તેથી અમે સ્થળે પહોંચ્યા હતા અને ધરપકડ કરી હતી', તેમ સયાજીગંજ પોલીસ ઈન્સપેક્ટર વી.બી. આલે જણાવ્યું હતું.

પોલીસે તેમની ધરપકડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અને ગુનાહિત કાવતરા હેઠળ કરી હતી. આરોપીઓની ઓળખ નરેન્દ્ર પરમાર, ચંદ્રકાંત મિસ્ત્રી, વિશાલ ફેરવાની, કેવલ પઠાડિયા, જગવિંદર સિંહ, ઈરફાન પટેલ, અવની ગજ્જર અને ભૂમિકા ગજ્જરનો સમાવેશ થાય છે.

'તેમાનાં ચાર એન્જિનિયર છે જ્યારે મહિલાઓ ગૃહિણી છે. ભણેલા ગણેલા હોવા છતાં, તેઓ કોવિડ રસી વિશે ખોટી માહિતી ફેલાવી રહ્યા હતા. તેઓ લોકોને આયુર્વેદિક દવાઓ લેવાનું પણ કહેતા હતા', તેમ આલે ઉમેર્યું હતું.

## ચીન એલર્ટ રહે: ભારતે ૫૦ હજાર સૈનિકોને સરહદ પર મોકલ્યા



બેઈજિંગ,

ભારતે ઓછામાં ૫૦ હજાર સૈનિકોને ચીન સરહદ પર મોકલ્યા છે. એક રિપોર્ટ પ્રમાણે ચીન સાથે મુકાબલા માટે ભારતના આ પગલાંને ઐતિહાસિક ગણાવવામાં આવી રહ્યું છે. બ્લૂમર્ગના રિપોર્ટમાં ૪ અલગ-અલગ સૂત્રો પ્રમાણે કહેવામાં આવ્યું છે કે ભારતે છેલ્લા ૪ મહિનામાં ચીની સરહદથી અડીને આવેલા ત્રણ અલગ-અલગ વિસ્તારોમાં સૈન્ય ટુકડીઓ અને યુદ્ધ વિમાનોને તહેનાત કર્યા છે. આ રીતે ભારતે હવે ચીનની સરહદ પર નજર રાખવા માટે લગભગ ૨ લાખ સૈનિકો તહેનાત કરી દીધા છે જે ગત વર્ષની સરખામણીએ ૪૦ટકા વધારે છે.

જો કે ભારતીય સેના અને પ્રધાનમંત્રી કાર્યલયમાંથી આ મામલે કોઈપણ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ભારત અને ચીનની વચ્ચે વર્ષ ૧૯૬૨માં બે યુદ્ધ થયાં, તેમ છતાં ભારતે વ્યૂહાત્મક દ્રષ્ટિએ પાકિસ્તાનને વધારે મહત્વ આપ્યું, કેમકે કાશ્મીર ૧૯૪૭થી જ બંને દેશો વચ્ચે સંવેદનશીલ મુદ્દો રહ્યો છે. જો કે જ્યારે ગત વર્ષે ૧૫ જૂનના પૂર્વ લદ્દાખની ગલવાન ખીણમાં ચીની સૈનિકોએ કાયરતાપૂર્વક ભારતીય સૈનિકો પર હુમલો કર્યો, ત્યારથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સાથેના મુદ્દાને ઠંડો રાખીને ચીની સરહદ પર ફોકસ કરવાની રણનીતિ અપનાવી રાખી છે.

ભારતે પહેલા સરહદ પર ચીની સેનાના અતિક્રમણને રોકવા માટે સૈનિક તહેનાત રાખ્યા હતા, પરંતુ હવે દળ-બળમાં ભારે વૃદ્ધિ કરીને જવાબી કાર્યવાહી કરવા અને ચીની સરહદમાં પ્રવેશ કરવાની ક્ષમતા પણ મેળવી લીધી છે. એક સૂત્રએ કહ્યું કે, ભારત હવે ચીનની વિરુદ્ધ 'ઑફેન્સિવ ડિફેન્સ'ની રણનીતિ અપનાવવાથી ખચકાશે નહીં. આ માટે એક ઘાટીથી બીજી ઘાટી સુધી સૈનિકો અને હળવી હોવિત્ઝર તોપોને લાવવા- લઈ જવામાં હેલિકોપ્ટરોની પણ તહેનાતીની ખાતરી કરવામાં આવી છે.

જો કે એ સ્પષ્ટ નથી કે ચીને ભારતીય સરહદ પર કેટલા સૈનિકો ગોઠવી રાખ્યા છે, પરંતુ ભારત એ વાતથી જરૂર વાકેફ છે કે પીપલ્સ લિબરેશન આર્મીએ હાલમાં જ તિબ્બતથી સૈનિકોને શિનજિયાંગ મિલિટ્રી કમાન્ડ લાવ્યા છે. આ કમાન્ડ ભારત સાથે વિવાદવાળા વિસ્તારોની પેટ્રોલિંગની દેખરેખ કરે છે. ચીન અત્યારે નવા વિમાનો રાખવા માટે નવા રનવે, બોમ્બ પ્રૂફ બંકર ઉપરાંત તિબેટમાં વિવાદાસ્પદ સરહદની આસપાસ નવા એરફીલ્ડ્સ પણ બનાવી રહ્યું છે.

## છેલ્લા ૩૨ દિવસમાં પેટ્રોલ ૮.૧૪ રૂ. અને ડીઝલ ૮.૧૧ રૂપિયા પ્રતિ લીટર મોંઘું થયું




ન્યુ દિલ્હી,

સતત બે દિવસ ઝટકો આપ્યા બાદ સોમવારે ઈંધણ કંપનીઓએ સામાન્ય જનતાને રાહત આપી છે. આજે પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો થયો નથી. આજે ક્રૂડ ઓઈલના ભાવ સ્થિર છે. તમને જણાવી દઈએ કે રવિવારે પેટ્રોલની કિંમતોમાં ૩૫ પૈસા પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં ૨૫ પૈસા પ્રતિ લિટરનો વધારો થયો હતો. વધતી કિંમતોના કારણે હાલમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ રેકૉર્ડ સ્તરે પહોંચી ગયા છે.

ઉલ્લેખનીય છે કે ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા બાદથી ૪ મેથી અત્યાર સુધી ૩૧મી વાર પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી ચૂક્યા છે. જો કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ પણ વધ્યા છે. ક્રૂડનો ભાવ ૭૬.૩૯ ડૉલર પ્રતિ બેરલ થઈ ગયો છે માટે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી રહ્યા છે.

તમને જણાવી દઈએ કે ૧૩૫ જિલ્લાઓ પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયાને પાર થઈ ગયા છે. ઉલ્લેખનીય છે ૪ મે પછી અત્યાર સુધી પેટ્રોલના ભાવમાં ૮.૦૬ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલના ભાવમાં ૮.૧૭ રૂપિયા પ્રતિ લિટરનો વધારો થઈ ચૂક્યો છે.

## ટ્વિટર ફરી વિવાદમાં: ભારતના નકશા સાથે છેડછાડ, J&K-લદ્દાખને અલગ દેશ ગણાવ્યો



ન્યુ દિલ્હી,

માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરે ફરી એકવાર ભારતને ખોટી રાહ ચીંધી છે. પોતાની વેબસાઈટ પર ટ્વિટરે જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખને અલગ અલગ દેશ બતાવ્યો છે. એટલે કે તેમણે ભારતનો ખોટો નકશો બતાવ્યો છે. સરકારી માહિતી મુજબ આ માહિતીને લઈને ટ્વિટર પર એકદમ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ પેહલા પણ સરકારે કેન્દ્ર શાસિત પ્રદેશ લેહની જગ્યાએ જમ્મુ કાશ્મીરના ભાગમાં બતાવતા ટ્વિટરને નોટિસ આપી હતી.

હજી સુધી ભારત સરકાર દ્વારા કોઈપણ પ્રકારની નોટિસ આપવામાં આવી નથી. પણ જાણકાર લોકોએ આપી માહિતી મુજબ જો નોટિસ આપ્યા બાદ પણ જો ટ્વિટર આ ઘટના પર કોઈ પગલાં નહીં લે તો સરકાર આઈટીના નિયમ મુજબ ટ્વિટર પર પ્રતિબંધ લગાવી શકે છે અને કડક કાર્યવાહી પણ કરી શકે છે. આ સાથે જ નિયમ મુજબ સરકાર એક અપરાધ પણ નોંધી શકે છે, જેમાં ૬ મહિનાનીઓ કારાવાસ પણ સામેલ છે.

કેન્દ્રીય આઈટી મંત્રાલયે ટ્વિટરને ચેતવણી આપતા જણાવ્યું કે નવા નિયમોનું પાલન ન કરવાની ટ્વિટરની જીદથી સાબિત થાય છે કે કંપનીમાં પ્રતિબદ્ધતાનો અભાવ છે અને તે ભારતના લોકોને તેના પ્લેટફોર્મ પરથી સુરક્ષિત અનુભવ પુરો પાડવાનો પ્રયાસ કરવા માંગતી નથી. મંત્રાલયે ટ્વિટરને પાઠવેલી નોટીસમાં જણાવ્યું કે એ જાણીને અત્યંત ખેદ થયો કે આઈટી મિનિસ્ટ્રીના પત્રમાં તમારા જવાબમાં સરકારના સવાલ પર કોઈ જવાબ અપાયો નથી કે નિયમોનું પાલન કરવાનો તમારો ઈરાદો પણ લાગતો નથી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી ચારણગામ (ન) અર્થક્ષમ સે.સ.મં.લી.
મુ. નમનાર,
તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. બી. શેખ
મુ. હાથીવન,
તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કે. કે. રાઠોડ
લુણાવાડા
જી. મહિસાગર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભલાડા સેવા સ.મં.લી.
મુ. ભલાડા,
તા. લુણાવાડા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લો આજે કોરોનામુકત બન્યો : સતત આઠમા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સતત આઠમા દિવસે એકપણ કેસ ન નોંધાતા આજે મહીસાગર જિલ્લો કોરોનામુકત બન્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૮-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ તમામ ૦૩ દર્દીઓ સ્વસ્થ થયા છે. જે દર્દીઓ સ્વસ્થ થયા છે તેમાં વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૧ પુરૂષ હતા કે કોરોનાને મ્હાત આપતા તેમને રજા આપવામાં આવતાં તેઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. આમ હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૨૮૫૮૧૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. જયારે ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર વાસીઓએ જેમ સતત છેલ્લા આઠ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

# મહીસાગર જિલ્લાના રતનકુવા ગામના પ્રગતિશીલ નિવૃત્ત શિક્ષક ખેડૂત બાગાયતી દૂધી શાકભાજીની ખેતી અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
રાજયભરમાં બાગાયત ખેતીને સરકાર દ્વારા ખૂબ પ્રોત્સાહન અપાઇ રહ્યું છે. વાવણીથી લઇ વેચાણ સુધીની દરેક પ્રક્રિયામાં સરકાર દ્વારા દરેક પગલે ખેડૂતને પ્રોત્સાહન અને સહાય આપવામાં આવી રહી છે. ત્યારે સરકારના પ્રોત્સાહન સાથે આધુનિક બાગાયત ખેત પદ્ધતિઓ, નવા પાકો અને ખેતી માટેની નવીન વિચારધારા થકી મહીસાગર જિલ્લાના ખેડૂતો પણ બાગાયત ખેતી તરફ સમૃદ્ધિ ના ડગ માંડી રહ્યા છે. ત્યારે મહીસાગર જિલ્લાનાં વિરપુર તાલુકાના રતનકૂવા ગામનાં પ્રગતિશીલ નિવૃત્ત શિક્ષક ખેડૂત જસુભાઈ રામાભાઈ પટેલ તેઓ નિવૃત્તિ બાદ બાગાયતી ખેતીમાં વિવિધ પ્રયોગશીલ ખેતી કરી રહયાં છે. જેઓ ગ્રામ્ય વિસ્તારમાં પોતાની જમીનમાં બાગાયતી દૂધી-કારેલા સહિતની શાકભાજીની વૈજ્ઞાનિક પદ્ધતિ થી ખેતી કરી આર્થિક સદ્ધરતા સાથે સફળતાના સોપાન સર કરી અન્યો ખેડૂતો માટે પ્રેરણાદાયી બન્યા છે.

ઉત્સાહી પ્રગતિશીલ ખેડૂત જસુભાઈ પટેલ અગાઉ કપાસ, મકાઇ અને બાજરીની પરંપરાગત ખેતી કરતા હતા. સરકારના નાયબ બાગાયત નિયામકની કચેરી મહીસાગરનો સંપર્ક કરી બાગાયત શાકભાજી ખેતી માટે માર્ગદર્શન મેળવી તેઓ શાકભાજીની આધુનિક ખેતી તરફ વળ્યાં છે. અગાઉની જૂની પદ્ધતિ થી પરંપરાગત ખેતીમાં ખેતી ખર્ચના વધારા સાથે ઉત્પાદન પણ ઓછુ મળતું હતું. તેમને બાગાયત વિભાગ માંથી પ્રેરણા પ્રવાસ અને તાલીમ મેળવી બાગાયત વિભાગની ખેતીલક્ષી વિવિધ જાણકારી મેળવી વૈજ્ઞાનિક પદ્ધતિ થી શાકભાજીની ખેતી કરવાની પ્રેરણાં મળી.

પ્રગતિશીલ નિવૃત્ત શિક્ષક ખેડૂત જસુભાઈ રામાભાઈ પટેલ કહે છે કે શાકભાજી પાકોની આધુનિક સુધારેલ ખેતી પદ્ધતિ અપનાવવામાં આવે તો ઉંચી ગુણવત્તા સાથે વધુ ઉત્પાદન ટુંકા ગાળામાં મેળવી વધુ આવક મેળવી શકાય છે મે અગાઉ તડબૂચ,ફ્લાવર, કોબીજ, ટામેટા, કારેલાં વગરે ફળ શાકભાજીની ખેતી કરી તેમા મને સારૂં ઉત્પાદન અને સારી આવક મળી પોતાની જમીનમાં બાગાયત વિભાગ દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કરી આધુનિક ખેત પધ્ધતિ અપનાવી મૂલ્યવર્ધિત વિવિધ શાકભાજીની ખેતી કરી સારી આવક મેળવી રહ્યો છું. કારેલા શાકભાજીની સિઝન પૂર્ણ થયેલ છે. હાલમાં તેઓ દૂધી શાકભાજીની ખેતીમાં સારૂં ઉત્પાદન મેળવુ છું. અને હાલમાં કોળાની ખેતી પણ કરેલ છે. તેમણે ખેડૂતમિત્રોને બાગાયત વિભાગની વિવિધ યોજનાઓની જાણકારી મેળવી લાભ મેળવવાની અપીલ કરી હતી.

તેમણે કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી નીત નવી ટેકનોલોજીથી માહિતગાર થવાને લીધે તડબૂચ, ફલાવરની ખેતી માટે મલ્ચીંગ, હાઇબ્રીડ બીયારણ અને અર્ધ કાચો મંડપ બનાવવાની વિવિધ યોજનાઓની ૫૦ ટકા થી ૬૫ ટકા સુધીની પ્રોત્સાહક સહાય બાગાયત ખાતા દ્વારા મેળવી હતી. શાકભાજી પાકમાં ટપક-સિચાંઇ, સંકલીત પોષણ વ્યવસ્થાપન, સંકલીત જીવાત નિયંત્રણ, ગ્રેડીંગ પદ્ધતિ વગેરે જેવી જાણકારી મેળવીને તેને ખેત પદ્ધતિમાં અમલમાં મુકવાને લીધે જૈવિક કલ્ચર, બાયો-કંપોષ્ટ, માઇક્રો ન્યુટ્રીયન્ટ ખાતરનો ઉપયોગ કરી રાસાયણીક ખાતરના વપરાશમાં ઘટાડો થવાને લીધે ખેતી ખર્ચ અને ખાતર ખર્ચ પણ ઘટી જવાથી જસુભાઈ પટેલ હવે એકંદરે સારી આવક મેળવી રહ્યાં છે. તેઓ જણાવે છે કે તેમણે ૩ વિઘા જમીનમાં દૂધી કારેલા શાકભાજીનું વાવેતર કરેલ જેમા થી દૂધીમાં અત્યાર સુધી ૫૦૦ મણ જેટલું ઉત્પાદન મેળવેલ છે તેમજ હજુ પણ દૂધીની આવક ચાલુ છે. તેમા તેમણે બિયારણ,ખાતર,દવા અને મજુરી ખર્ચ રૂા.૧૩૦૦૦ જેટલો થયેલ છે. જેમા દૂધીનું રૂા.૧૦ ના ભાવે ૧ કિલો લેખે વેચાણ કરતા અંદાજે રૂા. ૧ લાખની આવક થઇ છે. જે ખેતી ખર્ચ બાદ કરતા રૂા. ૮૭ હજારનો નફો મળેલ છે. તેવીજ રીતે કારેલા શાકભાજીમાં પણ રૂા. ૩૦ હજારનો નફો મળેલ છે.

આમ પ્રગતિશીલ નિવૃત્ત શિક્ષક ખેડૂત જસુભાઈ રામાભાઈ પટેલ પોતાની સમૃદ્ધિનો શ્રેય સરકારની વિવિધ બાગાયતી યોજનાઓને આપે છે. સરકારની બાગાયત વિભાગની ડ્રીપ ઈરીગેશન, મલ્ચીંગ, અર્ધ કાચા મંડપ વગેરેને લગતી સહાયનો લાભ લેવામાં આવેલ છે. ધરતીપુત્રોના પરિશ્રમ અને ધરતીપુત્રોની સતત પડખે રહેનાર સંવેદનશીલ અને દૂરંદેશી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિર્ણયોના સમન્વયથી જ ગુજરાતના કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ, વિકાસ અને ગુણવત્તાનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે. તે માટે સરકારની ખેડૂત કલ્યાણ લક્ષી વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અંગે આભાર વ્યકત કર્યો હતો.

# કઠલાલની ગઠીયા પ્રા.શાળાના શિક્ષકની છેતરપિંડીના ગુનામાં ધરપકડ કરાઈ : શિક્ષકે ૫૯ લાખ દબાવી દીધાની ફરિયાદ

બાલાસિનોર,
કઠલાલ તાલુકાની ગઠીયા પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને બાલાસિનોર ખાતે રહેતા સિરાજભાઈ રુકમુદ્દીન સૈયદની ૫૯ લાખની છેતરપિંડીના આરોપસર બાલાસિનોર પોલીસ ધરપકડ કરતા ખેડા તેમજ મહિસાગર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે આરોપી શિક્ષકની વધુ પુછપરછ માટે રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરવાની તજવીજ હાથ ધરેલ છે.

બાલાસિનોરના રહિશ સુનીલભાઈ અરજણભાઈ પટેલ દ્વારા વર્ષ-૨૦૧૮માં વડદલા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ સિટી સર્વે નં-૧૩૮૬ પૈકી -૨ ખાતા નં-૧૭૭૭ વાળી પિયત જમીન અલીરાજભાઈ પાસેથી ખરીદી હતી. જે પેંટે ૫૯ લાખ ચુકવ્યા હતા. ત્યારબાદ આ શિક્ષક સિરાજભાઈ સૈયદ દ્વારા પોતે દલાલ બનીને અલીરાજભાઈ પાસેથી સુભાષભાઈ પટેલ અને તેમના ભાગીદારોને વધુ કિંમતે અપાવી હતી. જેને પગલે અગાઉ જમીન રાખનાર સુનીલભાઈ ૫૯ લાખ સુભાષભાઈ પટેલ દ્વારા આપવામાં આવશે તેમ કહ્યુ હતુ. જો કે શિક્ષક અને દલાલ બનેલા સિરાજ સૈયદે આ ૫૯ લાખ પોતાની પાસે મેળવી લઈને સુનીલભાઈને આપ્યા નહોતા. આ બાબતની જાણ થતાં સુનીલભાઈએ સિરાજભાઈ પાસે રકમની ઉઘરાણી કરી હતી. જો કે સિરાજભાઈએ એક ૫૦૦ની નોટ મુકીને કાગળના બંડલો બનાવીને છેતરવાનો પ્લાન બનાવ્યો હતો. જો કે વિનુભાઈએ આ બાબતની જાણ સુનીલભાઈને અગાઉથી કરી દીધી હોવાથી સિરાજભાઈની બદદાનત જાહેર થઈ હતી જેને પગલે તા.૨૬ જુનના રોજ સુનીલભાઈ પટેલે બાલાસિનોર પોલીસને ૪૦૬, ૪૨૦, કલમ હેઠળ ગુનો નોંધીને શિક્ષક સૈયદ સામે કાર્યવાહીની માંગ કરી હતી. બાલાસિનોર પોલીસે ૫૯ લાખની છેતરપિંડી કરનાર આરોપીને લુણાવાડાથી ઝડપી લઈને લોકઅપમાં પુરી દઈને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ દ્વારા આરોપીને કોર્ટમાં રજુ કરીને રિમાન્ડની માંગણી કરી હતી.

# મહીસાગર જિલ્લામાં જુદા જુદા ક્ષેત્રોમાં વિશિષ્ટકામગીરી કે સિધ્ધી હાંસલ કરી હોય તેવી વ્યકિત વિશેષ કે સંસ્થાઓએ પદ્મ એવોર્ડ માટે

લુણાવાડા,
ગૃહ મંત્રાલય, ભારત સરકારના પત્ર ક્રમાંકઃ ડી.ઓ.નં.૧/ ૧૧/૨૦૨૧ પબ્લિક તા.૨૭/૫/ ૨૦૨૧ અને સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના પત્રકમાંકઃ પદક - ૧૦૨૦૧૯- જીઓઆઈ- ૩૭૬ઘતા.૧૦/૦૬/૨૦૨૧ અન્વયે પદ્મ એવોર્ડ આપવા અંગેની ભલામણો ભારત સરકારને મોકલી આપવા અંગે જુદા જુદા ક્ષેત્રોમાં વિશિષ્ટકામગીરી કેસિધ્ધી હાંસલ કરી હોય તેવી વ્યક્તિ વિશેષ કે સંસ્થાઓ કે જેઓ પદ્મ એવોર્ડ માટે યોગ્ય જણાતાં હોય તેમની ભલામણો સામાન્ય વહીવટ વિભાગને મોડામાં મોડી તા.૧૫/૦૭/૨૦૨૧ સુધીની સમયમર્ચાદામાં પુર્ણ કરવાની થાય છે.

પદ્મ એવોર્ડ ભલામણ કામગીરી અંતર્ગત અત્રેના મહીસાગર જિલ્લાના નોડલ અધિકારી તરીકે જિલ્લા શિક્ષણાધિકારી, લુણાવાડાની કલેકટર, મહીસાગર દ્વારા નિમણૂંક કરવામાં આવેલ છે. તો આ પદ્મ એવોર્ડ મેળવવા માંગતા વ્યકિત વિશેષ કે સંસ્થાઓ દ્વારા આવી દરખાસ્ત https:// padmaawards.gov.in પર ઓનલાઈન પોર્ટલ પર સબમીટ કરવાની થાય છે. ઓનલાઈન દરખાસ્ત સબમીટ કરવાની સમગ્ર પ્રક્રિયા ઉપર મુજબની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જે અનુસાર સમગ્ર કાર્યવાહી કરવાની રહેશે. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૦૬/ ૨૦૨૧ ના પત્રમાં જણાવેલ સુચનાઓ મુજબ દરખાસ્ત પાત્રતા ધરાવતી વ્યકિતઓએ તાત્કાલિક દિન -૫ (પાંચ) માં દરખાસ્ત કાર્યવાહી પુર્ણ કરી ઓનલાઈન કરેલ દરખાસ્ત જરૂરી આધાર સહિત ૦૩ (ત્રણ) નકલમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જિલ્લા સેવાસદન, બીજો માળ, રૂમ નં. ૨૧૭ થી ૨૨૧ લુણાવાડા જિ.મહીસાગર ને રજુ કરવા જણાવવામાં આવે છે. જેથી નિયત સમયમર્યાદામાં આ અંગેની કામગીરી પુર્ણ કરી શકાય તેમ જિલ્લા શિક્ષણાધિકારી મહીસાગરની એક અખબારીયાદીમાં જણાવાયું છે.

# બાલાસિનોર PIએ વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા ચકચાર

લુણાવાડા,
બાલાસિનોરના પીઆઈએ વકીલને ખોટા કેસમાં સપડાવી દેવાની ધમકી આપતા બાલાસિનોર બાર એસોસિએશને ઠરાવ કરી જિલ્લા મેજીસ્ટ્રેટ સહિત ઉચ્ચકક્ષાએ વકીલોએ રજુઆત કરતા જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

તા.૨૩ જુને વકીલ એમ.જી.શેખને બાલાસિનોર પોલીસમાં તેમની અસીલ મહિલાની આઈજીને કરાયેલી ફરિયાદ અંગે જવાબ આપવા ડીવાયએસપી એન.વી.પટેલે બોલાવ્યા હતા ત્યારે બાલાસિનોર પીઆઇએ તેમની વિરુદ્ધની ફરિયાદ બાબતે તેમણે રાઈટર અરવિંદભાઈ વાળંદે વકીલ એમ.જી.શેખ સામે ખોટી ફરિયાદ દાખલ કરવાની તથા સેકન્ટ પાર્ટની ડાયરીમાં નોંધ કરવાની ધમકી આપી હતી. આમ તેમણે વકીલની ગરીમા નહિ જાળવી ધમકીઓ આપતા વકીલે બાર એસોસિએશનને અરજી આપતા તે અંગેની ચર્ચા વિચારણામાં પીઆઈ મુકેશ ભગોરા અન્ય વ્યકિતના ઈશારે ગુનાની એફઆઈઆર નોંધતા હોઈ એક હથ્થુ વર્તન કરતા હોઈ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સંબંધિત વિભાગોમાં ઠરાવની નકલો મોકલવાનુ નકકી કરાયુ હતુ.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૯-૦૬-૨૦૨૧, મંગળવાર, જેઠ વદ-૫, સૂર્યોદય-૫-૨૫, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.શ.સ.), નક્ષત્રઃ શતભિષ

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

-શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

તા.૨૯.૦૬.૨૦૨૧ મંગળવાર

મેષ (અ.લ.ઈ.):- તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે.

વૃષભ(બ.વ.ઉ.):- તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

કર્ક(ડ.હ.):- મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.

સિંહ(મ.ટ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

કન્યા(પ.ઠ.ણ.):- મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

તુલા(ર.ત.):- બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે.

વૃશ્ચિક(ન.ય.):- જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

મકર(ખ.જ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે.

કુંભ(ગ.શ.સ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.

મીન(દ.ચ.ઝ.):- તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

# કોવિડથી અસરગ્રસ્ત ક્ષેત્રો માટે ૧.૧ લાખ કરોડના રાહત પેકેજની જાહેરાત

ન્યુ દિલ્હી,
નાણમંત્રી નિર્મલા સીતારામને કોવિડ પ્રભાવિત સેક્ટર માટે ૧.૧ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. કોરોના મહામારીથી પ્રભાવિત ભારતીય અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે કેટલીક મોટી જાહેરાતો કરવામાં આવી છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણે જણાવ્યું હતું કે, ૮ આર્થિક રાહત પેકેજની જાહેરાત કરી રહ્યા છીએ. જેમાંથી ૪ બિલકુલ નવા છે અને એક ખાસ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે છે.

કોવિડ પ્રભાવિત ક્ષેત્રો માટે ૧.૧ લાખ કરોડ રૂપિયાની ક્રેડિટ ગેરન્ટી યોજના અને આરોગ્ય ક્ષેત્ર માટે ૫૦ હજાર કરોડ રૂપિયાના પેકેજ તેમજ અન્ય ક્ષેત્ર માટે ૬૦ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. જે અંતર્ગત ૧૦૦ કરોડ સુધીની લોન ૭.૯૫ ટકાના વ્યાજ દરે અપાશે. જ્યારે અન્ય ક્ષેત્રો માટે ૮.૨૫ ટકાથી વધુ વ્યાજ નહીં હોય.

કોરોનાની બીજી લહેરથી કેટલાક સેક્ટર્સ સંકટમાં છે અને સરકાર પાસે મદદની માંગ કરાઈ રહી હતી. આવામાં અગાઉ સરકારે પણ સંકેત આપ્યા હતા કે, તે સેક્ટર્સને મદદ માટે સરકાર વિચાર કરી રહી છે જે સૌથી વધુ સંકટમાં છે. નાણામંત્રીએ નાના ઉદ્યોગોની મદદ માટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ માટે ફન્ડિંગમાં વધારો કરવાની જાહેરાત કરી છે. અત્યારે આ સ્કીમ ૩ લાખ કરોડ રૂપિયાની છે, જેને વધારીને ૪.૫ લાખ કરોડ રૂપિયા કરાઈ છે. આ સ્કીમ હેઠળ અત્યાર સુધી એમએસએમઈ, હોસ્પિટાલિટી સેક્ટરને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાનું વિતરણ કરાઈ ચૂક્યું છે.

ઉપરાંત માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટીટ્યૂશનના માધ્યમથી આપવામાં આવતી લોન માટે ક્રેડિટ ગેરન્ટી સ્કીમની જાહેરાત કરાઈ છે. આ એક નવી સ્કીમ છે. આ હેઠળ કોમર્શિયલ બેંકના એમએફઆઈને અપાયેલી નવી અને હાલની લોન મોટ ગેરન્ટી આપવામાં આવશે. આ યોજનાથી ૨૫ લાખ લોકોને લાભ પહોંચવાની આશા છે. કોવિડ મહામારી દરમિયાન પ્રભાવિત ટૂરિસ્ટ ગાઈડ અને ટ્રાવેલ ટૂરિઝમ સ્ટેકહોલ્ડર્સને સરકાર નાણાકીય મદદ આપશે. ટ્રાવેલ એજન્સીઓને ૧૦ લાખ રૂપિયા સુધીની લોન, પર્યટક ગાઈડને એક લાખ સુધીની લોન મળશે. આ યોજનાનો લાભ લગભગ ૨૫ લાખ લોકોને મળશે.

પાંચ લાખ ટૂરિસ્ટ્સને ફ્રી ટૂરિસ્ટ વિઝાની જાહેરાત કરવામાં આવી છે. વિદેશી પર્યટકોને જ્યારે વિઝા મળવાનું શરૂ થશે, ત્યારે પહેલાં પાંચ લાખ ટૂરિસ્ટ જે ભારત આવશે તેમને ફ્રી વિઝા મળશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેટળ એનએફએસએ લાભાર્થીઓને નવેમ્બર, ૨૦૨૧ સુધી ૫ કિલો મફત અનાજ અપાશે. આ માટે સરકાર કુલ ૨,૨૭,૮૪૧ કરોડ ખર્ચશે.

દેશના ખેડૂતોને ૧૪,૭૭૫ કરોડ રૂપિયાની વધુ સબસિડી અપાઇ છે. આમાં ૯૧૨૫ કરોડ રૂપિયાની સબસિડી માત્ર ડીએપી પર આપવામાં આવી છે. જ્યારે ૫૬૫૦ કરોડ રૂપિયાની સબસિડી એનપીકે પર અપાઈ છે.

# જુલાઈના પહેલા વીકમાં ધોરણ ૧૦નું પરિણામ જાહેર થાય તેવી શક્યતા

ગાંધીનગર,
ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું. જેના કારણે જે વિદ્યાર્થીઓ નિયમિત હતા., તેમની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. જે પહેલા વિદ્યાર્થીઓને ઈન્ટર્નલ માર્કિંગ સ્કૂલ બોર્ડ દ્વારા અપલોડ કરવા પણ કહ્યું હતું. જે બાદ જૂન મહિનાના અંતિમ વીકમાં પરિણામ જાહેર થશે, તેમ જાણવા મળ્યું હતું. પરંતુ હવે જુલાઈના ફર્સ્ટ વીકમાં વિદ્યાર્થીઓ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થાય તે પ્રકારની શક્યતા રહેલી છે. કોરોના મહામારીના કારણે આ વર્ષે ધોરણ ૧૦ની પરીક્ષા રદ કરવામાં આવી હતી. ઈન્ટર્નલ માર્કિંગના આધારે તેમજ વિવિધ પરીક્ષાઓમાં તેમના પરિણામના આધારે રિઝલ્ટ જાહેર થશે. આતુરતાથી જે નિયમિત વિદ્યાર્થીઓ પરીક્ષાના પરિણામની રાહ જોઈ રહ્યા હતા, તે ૩ જુલાઈ સુધી જાહેર થાય તે પ્રકારે સૂત્રોએ જણાવ્યું હતું. જો કે, આ પરિણામની વિદ્યાર્થીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. વિદ્યાર્થીઓનું પરિણામ અને તેમનાં હાથમાં માર્કશીટ મળ્યા બાદ તેઓની પ્રવેશ પ્રક્રિયા આગામી સમયમાં શરૂ થશે. ધોરણ૧૦ની જેમ જ ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરાશે. પરંતુ વિદ્યાર્થીઓએ ૨૮ જૂનથી લઈને ૪ જુલાઈ સુધી પોતાના માર્ક્સ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરિપત્ર જાહેર કરી તમામ માધ્યમિક શાળાના આચાર્યને સુચના આપી છે, બોર્ડની વેબસાઈટ પર માર્ક્સ અપલોડ કરવા માટે સૂચન કરાયું છે. નિયમિત વિદ્યાર્થીઓના નિયત માળખા મુજબ ગુણ અપલોડ કરવાના રહેશે. જેના આધારે વિદ્યાર્થીઓનું પરિણામ જલદી નક્કી કરવામાં આવશે. જો કે, અત્યાર પૂરતું પરિણામ ધોરણ ૧૨નું ક્યારે જાહેર કરાશે તેને લઈને કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

# સંતરામપુરના મોટીરેલ ગામે છોકરી ભગાડીને સંતાડી રાખેલ છે તેવી શંકાએ દંપતિનું અપહરણ કરી મારી નાંખવાની ધમકી

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મોટીરેલ ગામે વાડોદર ગામના મુવાડા ફળિયાના કેટલાક શખ્સો દ્વારા છોકરીને ભગાડીને સંતાડી રાખેલી છે તેવી શંકાએ આધારે એક વ્યકિતના ઘરે તોડફોડ કરીને દંપતિનુ અપહરણ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના મોટીરેલ ખાંટ ફળિયામાં રહેતા પર્વતભાઈ માલાભાઈ ખાંટ તથા તેમની પત્નિ રૂખીબેન તેમના નાના બાળકો સાથે ઘરે હતા. વાડોદર ગામના મુવાડા ફળિયાના ત્રણ ગાડી ભરીને આવ્યા હતા જેમાં દિગ્વિજયસિંહ લાકડી લઈ આવી કહેવા લાગેલ કે, તેમના ગામના સ્વરૂપભાઈ ભેમાભાઈ પટેલની દિકરીને તમે તમારા ઘરે કેમ સંતાડીને રાખી છે તેમ કહી અમુક માણસો પર્વતભાઈના ઘરમાં જઈ શોધખોળ કરતા હતા જેથી પર્વતભાઈએ તેમને કહ્યુ હતુ કે, દિકરીને અમે સંતાડી નથી. આજદિન સુધી અમાર ઘરે આવી નથી અને તે ક્યાં છે તેની ખબર નથી તેમ કહેતા તુ જુઠુ બોલે છે તેમ કહી પર્વતભાઈને પકડી અમુક માણસોએ માર મારી અમુક માણસો પર્વતભાઈના ઘરનો ઘરવખરીનો સામાનની તોડફોડ કરી હતી. તેમજ તેમના મકાનની સામે રહેતા અમીતભાઈ ભરતભાઈ ખાંટના ઘરે પણ તોડફોડ કરતા હતા તે વખતે પર્વતભાઈ તથા રૂખીબેન ડરના કારણે આજુબાજુ નાસવા જતા પર્વતભાઈને સ્વરૂપભાઈ પટેલ તથા અજીતસિંહ જયસિંહ રાઠોડ તથા અજીતસિંહ રાઠો પકડીને અપહરણ કરવા તેમને લાવેલી તુફાન ગાડીમાં લઈ ગયા હતા અને પર્વતભાઈની પત્નિ રૂખીબેનને પણ તે માણસો સાથે આવેલ સ્ત્રીઓએ ખેંચતાણ કરી બીજી ગાડીમાં બેસાડી તમામ માણસો ત્રણેય ગાડીઓમાં બેસી તેમના ગામ તરફ લઈ જતા હતા રસ્તામાં ગાડીમાં બેસેલ માણસોએ પર્વતભાઈને માર માર્યો હતો. અને કહેતા હતા કે છોકરીને ક્યાં સંતાડી રાખી છે અત્યારે જ બતાવી દે નહિ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકીઓ આપતા હતા અને પર્વતભાઈ તથા રૂખીબેનને મોરવા(હ)પોલીસ સ્ટેશન પાસે લઈ ગયા હતા અને તેઓન સંતરામપુર પોલીસ આવે છે તેવી ખબર પડતા આ બધા માણસો પર્વતભાઈ અને રૂખીબેનને મુકી જતા રહ્યા હતા. બનાવની જાણ પર્વતભાઈ માલાભાઈ ખાંટે સંતરામપુર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ વિરુદ્ધ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# સંતરામપુરના વાજીયાખુંટ ગામે ત્રણ મકાનોમાં તાળા તોડી ચોરીનો પ્રયાસ

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના વાજીયાખુંટ ગામે ત્રણ ભાઈઓના મકાનમાં દ દરવાજાને મારેલા તાળા તોડી ચોરોએ મકાનમાં પ્રવેશ કરી મુકેલો સામાન વેરવિખેર કરી બારીના સળિયા કાપી નાંખી ચોરી કરવાની કોશિશ કરી હતી આ મકાનમાં કોઈ કિંમતી સામાન ન હોઈ ચોરોને ફોગટ ફેરો પડ્યો હતો. સંતરામપુર તાલુકાના વાજીયાખુંટ ગામે નંદનવન સોસાયટીમાં વિરસિંગભાઈ વાલજીભાઈના મકાનમાં રહેતા વિરસિંગભાઈ કોયાભાઈ ખરાડી તથા બાબુભાઈ અને ભીખાભાઈ આ ત્રણેય ભાઈઓના ઘરે રાત્રિ દરમિયાન ચાર ઈસમોએ દરવાજાના તાળ તોડી મકાનમાં પ્રવેશ કરી અંદરની ચીજવસ્તુઓ વેરવિખેર કરી અને તિજોરીઓ તોડી નાંખી હતી. તેમજ વિરસિંગભાઈના મકાનના દરવાજાની જાળી કાપી નાંખી હતી. બારીના સળિયા કાપી વાળી દીધા હતા. તેમજ બાથરૂમનો દરવાજો તોડી નાંખ્યો હતો. આ ત્રણેય ભાઈઓના બંધ ઘરોમાં કોઈ દાગીના કે રોકડ રકમ રાખતા ન હતા. ચોર ત્રણેય ભાઈઓના ઘરમાં પ્રવેશ કરી ચોરી કરવાની કોશિશ કરી હતી. બનાવની વિરસિંગભાઈ કોયાભાઈ ખરાડીએ સંતરામપુર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા સંતરામપુર પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદના નગરસેવકે પોતાના વોર્ડને કોરોનાથી સુરક્ષિત કરવા કસી કમર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
એવું બને જ નહીં કે તમે રાત્રે ગમે ત્યારે ફોન કરો અને સામેથી પહેલી જ રિંગમાં ફોન ઉપડ્યો ના હોય ! રાત્રે કોઈ મુશ્કેલી હોય, દવાખાનાનું કામ હોય, કોઈનું મૃત્યુ થયું હોયને આનુષાંગિક વ્યવસ્થા હોય, એટલું નહી ઘરમાં કોઈ ચોર ઘુસી આવ્યો હોય કે મુખ્યમંત્રી અમૃતમ્ કાર્ડ કઢાવવાનું હોય ! કામ ગમે તેવું હોય આ નગરસેવકને તમે એક ફોન કરો એટલે તુરંત હાજર ! તમારૂ કામ પણ સરળતાથી કરી આપે ! આ વાત છે દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૧ના નગરસેવક લખનભાઇ રાજગોરની. આ નગરસેવકે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના મારો વોર્ડ, કોરોનામુક્ત વોર્ડ અભિયાનને સારી રીતે ઝીલી લીધું છે.

લખનભાઈએ તેમના વોર્ડમાં કોવીડ રસીકરણ સહિતની કામગીરીની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ, લંડને પણ નોંધ લીધી છે અને તેમને સર્ટીફીકેટ ઓફ કમીટમેન્ટ આપીને સન્માનિત કર્યા છે. લખનભાઈએ તેમના વિસ્તારમાં વિવિધ ૯ જેટલા વેક્સિનેશન કેમ્પ યોજ્યા હતા અને લોકોને ઘરેઘરે જઈને વેક્સિન લેવા સમજાવ્યા હતા. તેમના વિવિધ જાગૃતિ કાર્યક્રમો અને વેક્સિનેશન કેમ્પને કારણે અહીંના ૭૦ ટકા જેટલા લોકોએ વેક્સિન લઈ લીધી છે. ગોદી રોડ વિસ્તારમાં ૧૮ થી ઉપરની વયના ૨૦૮૪૩ લોકોમાંથી ૧૫૪૮૭ લોકોએ વેક્સિન લઇ લીધી છે.

લખનભાઈની કામગીરી વિશે વધુ પરીચય મેળવીએ. અઢી દાયકા પૂર્વેથી તેમની સેવાની યાત્રા શરૂ થઈ. સામાન્ય આર્થિક અને પારિવારિક પાશ્ચદભૂ ધરાવતા લખનભાઈના પિતા ખેડૂત અને પશુપાલક. આર્થિક સંકડામણને કારણે ધોરણ ૧૧ સુધી જ અભ્યાસ કરી શકેલા લખનભાઈએ માત્ર દોઢ માસમાં સીલાઈ કામ શીખી દૂકાન શરૂ કરી. તેમની દૂકાને દાહોદ નગરપાલિકાના તે વખતના પ્રમુખ મહેશભાઈ દેસાઈની બેઠક. ત્યાંથી જ સેવાનું કામ શરૂ થયું. હાલમાં તેઓ નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ છે.

મૃત્યુના નોંધણીપત્રક પોતે જ કરાવી આપે. દુઃખ પ્રસંગવાળા ઘરને કોઈ બેસણું કે તેને લગતા પ્રસંગ માટે સફાઈ સહિતની વ્યવસ્થા તેઓ અચૂક કરાવી આપે. વડાપ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીની આવાસ યોજનાનો ૧૮ પરિવારને લાભ અપાવ્યો છે. આ પરિવારોના ઘરના ઘરનું સ્વપન સાકાર કરવામાં તેઓ નિમિત્ત બન્યા. અનેક ગરીબ પરિવારોને ઉજ્જવલા યોજનાનો પણ લાભ અપાવ્યો છે.

દાહોદ નગરના અન્ડર બ્રિજમાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યાના નિરાકરણ માટે સાંસદ જસવંતસિંહ ભાભોરની ગ્રાંટમાંથી મોટી ક્ષમતાવાળી મોટી મોટો પમ્પ મૂકાવ્યો. ગોદી રોડ ઉપર વરસાદી પાણી ભરાતા હોય તેવા સ્થળો અને દિવાલોને સરખી કરાવી. હવે તો વોર્ડ નંબર-૧માં વરસાદી પાણીના નિકાલ અને ભૂગર્ભ ગટરનું કામ ૯૦ ટકા પૂર્ણ થઈ ગયું છે. ગોદી રોડ તરફની રેલ્વે ટિકિટ બારી અને ફૂટ ઓવર બ્રિજ શરૂ કરાવવા તેમના પ્રયત્નો સફળ રહ્યા છે.

કોરોનાકાળના લોકડાઉન દરમિયાનના તેમને સેવા અને સખાવતી કાર્યો નોંધપાત્ર રહ્યા છે. લોકડાઉન દરમિયાન લોકસેવા માટે તેમણે પોતાના રૂ. ૮.૫ લાખનો ખર્ચ કર્યો છે. ૧૧૬૨ પરિવારોને રાશન કિટ પહોંચાડી હતી. ઘણા એવા પરિવારો હતા કે જેમાંથી કોઈ વ્યક્તિ ખાનગી નોકરી કરતા હોય અને લોકડાઉનમાં આવક બંધ થઇ ગઇ. લોનના હપ્તા ચાલું હોય. કોઈની પાસે હાથ લંબાવી શકે નહી. આવા પરિવારોને લખનભાઈએ રોકડી આર્થિક મદદ પણ કરી. કોરોનાથી બચવા માટે તેમણે ગોદી રોડ ઉપર સાર્વજનિક સેનિટાઇઝેશન ત્રણ માસ સુધી ચલાવ્યું.

## દાહોદ જીલ્લામાં કોરોના આંક શૂન્ય થયો

દાહોદ,
દાહોદ જિલ્લામાં સદંતરે કોરોના કેસો શુન્ય આવી રહ્યાં છે. આજે પણ કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી. દાહોદ શહેરમાં કોરોનાની ત્રીજી લહેરની સાવચેતીને ધ્યાનમાં રાખી હાલ આખા દાહોદ શહેરને સેનેટરાઈઝર ઝંટકાવની કામગીરી પણ કરવામાં આવી રહી છે.

આર.ટી.પી.સી.આર. અને રેપીટ ટેસ્ટના ૩૩૨માંથી આજે એકેય કેસ પોઝીટીવ કેસ નોંધાયો નથી. આજે પણ એકપણ દર્દી કોરોનાથી સાજો થયો ન હતો. એક્ટીવ કેસની સંખ્યા માત્ર ૦૨ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કુલ ૩૩૮ દર્દીઓ કોરોનાથી પોતાનો જીવ ગુમાવી ચુંક્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૩ને પાર આંબી ગયો છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેરની આશંકાએ અને પુર્વ તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે. બીજી તરફ દાહોદ શહેરમાં ખાસ કરીને દર રવિવારે શહેરભરમાં સેનેટરાઈઝર ઝાંટવાની કામગીરી કરવામાં આવી રહી છે.

મુંબઈનાં મોટા ભાગનો વર્ગ
પહેલાં દક્ષિણ મુંબઈમાં જ રહેતો,
તેથી લોકોમાં ત્યાંની અનેક યાદો
જોડાયેલી હશે, તો ચાલો મિત્રો
એ યાદોને તાજી કરીને મજા
માણીએ.


જીજ્ઞા કપુરીયા (નિયતી)

શીર્ષક
મજા જ અનેરી હતી.

એ કીશનના વડાપાવને
શાંતિયાની પેટીશ,
એ સરદારની ભાજીપાવ ને સાથે તીખી તમતમતી ચટણીની,
મજા જ અનેરી હતી.

એ વિઠ્ઠલની ભેળપુરીને પાંદડામાં પીરસાતી પાણીપુરી,
એ ખાઉઘરા ગલીનાં મટકાં આઈસક્રીમ સાથે ભુલેશ્વરમા ફરવાની,
મજા જ અનેરી હતી.

એ શ્રીનાથ ચિમનલાલનો ચેવડો ને લસ્સી અને ભગતનું શરબત,
એ ભાંગવાડીનું નાટકને એડવર્ડનાં બાંકડા પર બેસી ફિલ્મ જોવાની,
મજા જ અનેરી હતી.

એ મહિના પહેલાં લગ્નસરા પર દીપી ઉઠતો માળો,
એ લગ્નનો વરઘોડો ને પંગત પાડીને આગ્રહ કરીને જમાડવાની,
મજા જ અનેરી હતી.

એ તહેવારોમાં ગમ્મત કરતાં ભેરૂબંધો સર્વે,
એ ઉતરાણમાં ઊંધિયા ને ખીચડા સાથે ધાબે ચઢીને પતંગ
ચગાવવાની,
મજા જ અનેરી હતી.

એ ચોપાટીનો દરિયો ને નરીમાન પોઈન્ટની પાળી,
એ ચોપાટીમાં રમત રમવાં સાથે સેવવાળી આઈસક્રીમની,
મજા જ અનેરી હતી.

એ મોળાકાતમાં નર નારાયણ મંદિરમાં ગરબે રમતી ગોપીઓ,
એ ઈબ્રાહીમ ઢોલીની સાથે શરણાઈનાં સૂરમાં થતી રાસલીલાઓની,
મજા જ અનેરી હતી.

એ દિવાળીમાં ચાર વાગ્યામાં ગાજી ઉઠતી ચાલીઓ,
એ સવાર સવારમાં સાલમુબારક સાથે વિવિધ પકવાન ખાવાની,
મજા જ અનેરી હતી.

ખરેખર મુંબઈનાં (C Word) દક્ષિણ મુંબઈનાં વિસ્તારમાં રહેવાની
મજા જ અનેરી હતી !
અસ્તૂ!

## નાયબ મુખ્યમંત્રીએ લીમખેડા અને સીંગવડના રસ્તાના કામ માટે રૂા.૧૩ કરોડ મંજૂર કર્યા

દાહોદ,
રાજ્ય સરકાર આદિવાસી જિલ્લાઓના વિકાસ માટે કટિબદ્ધ છે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલએ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત દાહોદનાં લીમખેડા અને સીંગવડ તાલુકાના રસ્તાના કામ માટે રૂ.૧૩ કરોડ મંજૂર કર્યા છે. આ યોજના હેઠળ વિવિધ ગામોના કાચા રસ્તાઓને પાકા ડામરના બનાવવામાં આવશે અને અંતરિયાળ ગામોને નવા ડામરના પાકા રસ્તા મળશે.

નાયબ મુખ્યમંત્રીએ પાકા રસ્તા બનાવવા માટે રૂ. ૧૩ કરોડ મંજૂર કર્યા છે તેમાં લીમખેડા અને સીંગવડ તાલુકાના ગામોમાં ૧૫ જેટલાં ડામરના પાકા રસ્તા બનશે. આ રસ્તાઓમાં પરમારના ખાખરીયા મેઈન પાકા રસ્તાથી ઉમરી ફળીયા જતો રસ્તો, પ્રતાપપુરા ગામે પાણીયા અંતેલા રોડથી આશ્રમશાળા થઈ પંચેલા તાલુકા બોર્ડર રોડ, ખીરખાઈ મુખ્ય પ્રાથમિક શાળાથી બીલીયાઘરા થઈને ડુંગર ફળીયાને જોડતો રસ્તો, ગોરીયા ઘાટા ફળીયા ડામર રસ્તાથી બીલવાળ ફળીયા સુધી ડામર રોડનું કામ, વાલગોટ કન્હાર ફળીયા રોડ, છાપરી પ્રાથમિક શાળા રોડથી બારીયા ફળીયા રોડ, જામદરા ડામરથી મછેલાઈ વણકરવાસ રોડ, સરજુમી ગામે રંધીકપુર રસ્તાથી પ્રાથમિક શાળા સુધી રોડ, બારેલા ગામે નિશાળ ફળીયાથી બળીયાદેવ ઘાટી ફળીયા રોડ, વડેલા ડામર રોડથી માળી ફળીયા પ્રાથમિક શાળા રોડ, દાંતીયા હાઈવેથી માવી ફળીયા પ્રાથમિક શાળા રોડ, જુના વડીયા હાઈવેથી પ્રાથમિક શાળા તરફ જતો રોડ, અગારા ગામે પટલ ફળીયાથી ચૌહાળ ફળીયા સુધીનો રોડ, અગારા ગામે ખાખરીયા રસ્તાથી વેડ ફળીયા સુધીનો રસ્તો તેમજ અંધારી કુણઘા રોડનો સમાવેશ થાય છે.

## ફતેપુરા તાલુકામાં વાગ્ધારા સંસ્થા દ્વારા વિધવા, વિકલાંગ, નિઃસહાય પરિવારને રાશન કીટનું વિતરણ



ફતેપુરા,
ફતેપુરા તાલુકામાં રાજસ્થાન બાસવાડાની વાગ્ધારા સંસ્થા દ્વારા તાલુકાના ૩૦જેટલા ગામડાઓમાં વિવિધ તબક્કે ગરીબ પરિવારોને સહાય રૂપ તથા રાસન કીટનું વિતરણ કરી અનોખો સેવાયજ્ઞ ચલાવી રહેલ હોવાનું જાણવા મળે છે. તેવી જ રીતે આજરોજ ફતેપુરા તાલુકાના સુખસર ખાતે વાગ્ધારા સંસ્થા દ્વારા સુખસર સહિત ફતેપુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિધવા,વિકલાંગ અને નિઃસહાય લોકોને શાસન કીટનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આજરોજ બાસવાડા રાજસ્થાનની વાગ્ધારા સંસ્થા દ્વારા ગરીબ પરિવારની વિધવાબેનો,વિકલાંગો નીઃ સહાય લોકોને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બે કિલો ચણાદાળ,બે કિલો મોરસ,૨૫૦ ગ્રામ મરચું,૨૫૦ ગ્રામ હળદર,૨૫૦ગ્રામ ચા,૧ કિલો ગોળ, ૨ કિલો ખાદ્ય તેલ,પાંચ કિલો ચોખા, નાહવાના સાબુ નંગ-૨ તથા મીઠું એક કિલોની કીટ વિતરણ કરવામાં આવી હતી. તેમજ પટીસરા, માધવા, ડબલારા જેમાં ગામડાઓમાં એકસો જેટલા નિઃસહાય લોકોને આ કીટનું વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. હાલ વાગ્ધારા સંસ્થા દ્વારા ફતેપુરા તાલુકાના ૩૦ જેટલા ગામડાઓમાં વિવિધ સહાય આપવામાં આવે છે. ત્યારે આવનાર સમયમાં નિઃસહાય લોકોને સહાય આપવા વધારે ગામડાઓનો સમાવેશ કરવામાં આવનાર હોવાનું પણ સંસ્થાના અધ્યક્ષ ગિરીશભાઈ પટેલ દ્વારા જાણવા મળે છે. વધુમાં જાણવા મળતી માહિતી મુજબ વાગ્ધારા સંસ્થા બાસવાડા દ્વારા વિકલાંગ,નિરાધાર તથા વિધવા મહિલાઓને સરકાર દ્વારા મળતા લાભોથી માહિતગાર કરી તેઓને મળવા પાત્ર સરકારી લાભો મેળવી પરિવાર ની મુશ્કેલી ઓછી થાય અને સુખેથી રહે તે બાબતે કામગીરી કરી રહેલ હોવાનું જાણવા મળે છે. આજરોજ સુખસર ખાતે ૩૫ જેટલા નિઃસહાય લોકોને રાશન કીટ ફાળવવામાં આવી હતી. તેમાં આસપાસના ગામડાઓના વિધવા બહેનો, વિકલાંગ ભાઈ-બહેનો તથા નિરાધાર બાળકોને આ રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં વાગ્ધારા સંસ્થાના અધ્યક્ષ ગિરીશભાઈ પટેલ, સંસ્થાના કાર્યકર્તાઓમાં રમેશભાઈ કટારા, સરસ્વતીબેન પારગી, સૂર્યાબેન બારીયા તથા નાનીઢઢેલી બેઠકના તાલુકા સભ્ય વિકલાભાઈ ડામોર સહિત લાભાર્થીઓ હાજર હતા.

# ફતેપુરા તાલુકાના સરકાર માન્ય એગ્રો સેન્ટર સંચાલકો દ્વારા ખેડૂતો પાસેથી ખાતરના અલગ-અલગ વસુલાત કરાતા ભાવ

- ફતેપુરા તાલુકામાં ખાતરના કાળા બજાર કરતા વેપારીઓ ઠંડા પડ્યા, જ્યારે એગ્રો સેન્ટર સંચાલકો મનસ્વી વહીવટ ચલાવી રહ્યા છે.
- કેટલાક એગ્રો સેન્ટરોમાં જરૂરિયાતના સમયે ખાતરની તંગી!

ફતેપુરા,
ફતેપુરા તાલુકામાં ધીમીધારે વર્ષારાણીના થયેલા આગમનના ઈશારે ખેડૂતો ખેતીકામમાં જોતરાઈ ચૂક્યા છે તથા ખાતર અને બિયારણ માટે દોડાદોડી કરી રહ્યા છે.જોકે ફતેપુરા તાલુકાના મોટાભાગના વિસ્તારોમાં ખેતી લાયક વરસાદનો અભાવ જોવા મળે છે. છતાં સામાન્ય વરસાદથી ખેડૂતો ખેતરોમાં ઓરણી અને વાવણી કરવાના કામે લાગી ગયા છે. ત્યારે હાલ ખાસ કરીને ખાતર અને બિયારણની જરૂરિયાત છે. તેવા સમયે ફતેપુરા તાલુકામાં સરકાર માન્ય કેટલાક એગ્રો સેન્ટરોમાં ખાતરના અલગ-અલગ ભાવ વસુલાત કરવામાં આવતા હોવાનું પ્રત્યક્ષ જોવા મળે છે. ત્યારે લાગતા-વળગતા તંત્ર દ્વારા ધ્યાન આપવાની જરૂર જણાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકામાં ગત વર્ષોની સરખામણીએ ખેતી લાયક વરસાદનો અભાવ જોવા મળે છે. તેમજ થયેલ સામાન્ય વરસાદથી ખેડૂતો મકાઈ, તુવર,અડદ, સોયાબીન, ડાંગરનો ધરૂ જેવા ખેતી પાકો માટે ટૂંક સમયમાં સારો વરસાદ થઈ જશે તેવી આશાએ ઓરણી અને વાવણી કરવાના કામે લાગી ચૂક્યા છે. હાલના સમયમાં ખેડૂતોને ખાતર તથા બિયારણની જરૂરત છે. તેવા સમયે કેટલાક સરકાર માન્ય એગ્રો સેન્ટરોમાં ખાતરની તંગી જોવા મળે છે.જ્યારે અનેક સરકાર માન્ય એગ્રો સેન્ટરમાં એક જ ખતરના અલગ-અલગ દુકાનોમાં ભાવની પૂછપરછ કરતા જુદા-જુદા ભાવ બતાવવામાં આવી રહ્યા છે. તેમાં યુરિયા ૪૫ કિલો ખાતરની એક બેગ ના સુખસરના એક એગ્રો સેન્ટરમાં રૂપિયા-૩૧૦/-બીજા એગ્રો સેન્ટરમાં રૂપિયા-૨૯૦/-જ્યારે ત્રીજા એગ્રો સેન્ટરમાં રૂપિયા-૨૮૦/-ના ભાવે ખાતર વેચાણ થતું હોવાનું જાણવા મળે છે. આમ એક જ ખાતરના અલગ-અલગ એગ્રો સેન્ટરોમાં ખેડૂતો પાસેથી જુદા-જુદા ભાવો વસુલાત કરવામાં આવી રહ્યા છે. ત્યારે લાગતા-વળગતા તંત્રોની કેટલાક સરકાર માન્ય એગ્રો સેન્ટર સંચાલકો ઉપર લગામ ન હોય તેવું જણાઈ રહ્યું છે. ત્યારે ખાતરમાં નિયત ભાવથી ખેડૂતો પાસેથી વધુ નાણાં પડાવતા એગ્રો સંચાલકો સામે કાયદાકીય કાર્યવાહી કરી તેમના એગ્રો સેન્ટરનું લાયસન્સ રદ કરી ખેડૂતો સાથે ઉઘાડી લૂંટ કરતા એગ્રો સંચાલકોની શાન ઠેકાણે લાવવી જરૂરી જણાય છે.

## દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના સાહડા ગામે પીવાના પાણીની લાઇન તૂટી જતા હજારો લીટર પાણી વેડફાયુ



ગરબાડા,
ગરબાડા તાલુકાના સાહડા ગામેથી પસાર થતી કડાણા પાઈપલાઈનમાં આજરોજ ભંગાણ સર્જાતા આસપાસના ખેતરમાં પાણી ફરી વળતા ખેડૂતોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

વધુ મળતી માહિતી પ્રમાણે ગરબાડા તાલુકાના સાહડા ગામેથી પસાર થતી કડાણાની પાઈપ લાઈનમાં કોઈ કારણસર ભંગાણ સર્જાયું છે.જેના લીધે આસપાસના ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા. જોકે અત્રે ઉલ્લેખનીય છે. કડાણા પાઇલાઇનમાં અવારનવાર ભંગાણ થતું હોવા છતાંય જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં જોવા મળી રહ્યા છે. હાલ ચોમાસુ ટાણે ખેડૂતો દ્વારા મોંઘા ભાવના બિયારણો નથી, વાવણી માટે ખેતરોમાં બિયારણ નાખવામાં આવ્યા છે. ત્યારે આજરોજ પાઈપલાઈનમાં સર્જાયેલા ભંગાણના લીધે ખેતરોમાં પાણી ફરી વળતા ખેડૂતોને પડતા ઉપર પાટું પડ્યા જેવી સ્થિતિ છે. ખેડૂતો તરફથી જે પાકનું વાવેતર કરવામાં આવ્યું હતું. તેમાં વધુ પાણી ભરાઈ જતાં તેમના પાકને નુક્સાન થયું છે. હાલ આ મામલે ખેડૂતોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. જોકે હાલ સ્થાનિક ખેડૂતોએ પાઈપલાઈનમાં સર્જાયેલ ભંગાણને સત્વરે સમારકામ કરવામાં આવે તેવી લાગણી સાથે માગણી ઉઠવા પામી છે.

# દાહોદ ઝાયડ્સ મેડિકલ કોલેજમાં છેલ્લા ૧૩ માસમાં ૪૬૪૨ કોરોનાના દર્દીઓ સારવાર લઈ સાજા થયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જેવા અંતરિયાળ વિસ્તારના લોકોની બેહતર આરોગ્ય સેવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ફાળવેલી મેડિકલ કોલેજની સેવા કોરોના કાળમાં મહત્વપૂર્ણ સાબિત થઇ છે. અહીં કાર્યરત ઝાયડ્સ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૩ માસમાં ૪૬૪૨ કોરોનાગ્રસ્ત દર્દીઓએ સારવાર લઈ આ ઘાતક વાયરસને મહાત આપી છે. વિશેષ વાત તો એ છે કે છેલ્લા દસેક દિવસથી ઝાયડ્સનો કોરોના વોર્ડ સાવ ખાલી છે. માત્ર શરદી ઉધરસ સાથે તાવ ધરાવતા બે જ દર્દીઓ દાખલ છે.

દાહોદમાં કોરોના વાયરસની બીજી લહેરમાં સંક્રમણની ગતિ તેજ બનતા નાગરિકોને આરોગ્યલક્ષી સેવાની ખૂબ જ આવશ્યક્તા પડી હતી. એવા સમયે દાહોદની ઝાયડ્સ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલની સેવા ખરા સમયે કામ આવી હતી.

દાહોદની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતા આરોગ્યલક્ષી વધુ સારવાર માટે વડોદરા અથવા તો અમદાવાદ જવું પડે છે. પરંતુ, દાહોદમાં મેડિકલ કોલેજ બનતાની સાથે વિશેષ પ્રકારની સારવાર પણ હવે દાહોદમાં મળવા લાગી છે. ખાસ કરીને દૂરદરાજના ગામોમાં વસતા આદિવાસી પરિવારો માટે આ મેડિકલ કોલેજ આશીર્વાદરૂપ સાબિત થઈ છે. કોરોનાના નોડેલ તબીબ ડો. કમલેશ નિનામા કહે છે, કોરોનાકાળમાં દર્દીઓની સારવારમાં મેડિક્લ કોલેજની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહી છે. ઝાયડ્સ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલમાં માત્ર છેલ્લા ૧૩ માસમાં કુલ ૪૬૪૨ કોરોનાના દર્દીઓ સાજા થયા અને તેની સામે માત્ર ૭૫ દર્દીઓને અન્ય દવાખાનામાં રિફર કરવામાં આવ્યા હતા. રિફર કરવાનો રેશિયો માત્ર એક ટકા જેટલો જ રહ્યો છે.

ગત્ત જૂન-૨૦૨૦ના માસમાં મેડિકલ કોલેજમાં દૈનિક સરેરાશ માત્ર ૧૧ દર્દીઓએ સારવાર લીધી હતી. તેની સામે ચાલું વર્ષના મે-૨૦૨૧ માસ દરમિયાન દૈનિક ૧૭૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. આ બાબત પરથી ખ્યાલ આવી શકે છે કે, મેડિકલ કોલેજની ૨૦૦ પથારીમાં દર્દીઓનો લોડ કેટલો રહ્યો છે. એટલે જ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ કોલેજમાં ઓક્સીજન બેડ વધારવા માટે સૂચના આપી હતી.

આ જ માસમાં દૈનિક સરેરાશ ૨૧ દર્દીઓને વેન્ટિલેટર ઉપર રાખવામાં આવ્યા હતા. જૂન-૨૦૨૧ને બાદ કરતા છેલ્લા ૧૩ માસમાં વેન્ટિલેટર ઉપર રહેનારાની સરેરાશ સાતથી ઓછી રહી છે. બીજી નોંધપાત્ર વાત તો એ છે કે, દાહોદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થનારા દર્દીઓ પૈકી ૯૫ ટકા જેટલા દર્દીઓ માત્ર ઓક્સીજનથી જ સાજા થઇ ગયા હતા. આ ઉપરાંત મેડિકલ કોલેજમાં આરટીપીસીઆર ટેસ્ટની કામગીરી માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા ઉમદા રીતે કરવામાં આવી રહી છે. આ જ મેડિકલ કોલેજના પ્રિવેન્ટિવ એન્ડ સોશ્યલ મેડિસીન વિભાગ દ્વારા કોરોના સામે કામગીરીની રણનીતિ ઘડવામાં મહત્વપૂર્ણ વિશ્લેષણ બનાવાની કામગીરી કરવામાં આવી રહી છે.

## ફતેપુરા તાલુકાના મોટાનટવામાં ફોર વ્હીલર ગાડીના ચાલકે શ્રમિક બે લોકોને અડફેટમાં લેતાં એકનું મોત



ફતેપુર,
ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં ટુ-ફોર વ્હીલર વાહન ચાલકો ની બેદરકારીથી દિનપ્રતિદિન અકસ્માતો વધતા જાય છે.તેવીજ રીતે આજરોજ ફતેપુરા તાલુકાના સુખસર પાસે આવેલ મોટાનટવા માર્ગ ઉપર એન્જોય ગાડીના ચાલકે તેના કબજાની ગાડીને પુરપાટ અને ગફલતભરી રીતે હંકારી લાવી રસ્તાની સાઈડમાં વૃક્ષ ઉછેરની કામગીરી કરી રહેલ ચીખલી ગામના આશરે ૪૫ વર્ષીય વ્યક્તિને અડફેટમાં લઈ અકસ્માત સર્જતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના ચીખલી ગામે રહેતા રાયસીંગભાઈ જ્યોતિભાઈ કટારા ખેતીવાડી તથા પાટડીયા ખાતે આવેલ જંગલ ખાતાની નર્સરી માં રોજમદાર તરીકે કામ કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવતા હતા જેઓ આજે સવારના પાડલીયા નર્સરીમાં કામ માટે જવાનું હોવાનું જણાવી ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ પાડલીયા નર્સરીથી વૃક્ષ વાવેતરની કામગીરી માટે મોટાનટવા ગામે નાની ઢઢેલીરોડ ઉપર ગયા હતા. ત્યાં સવારના સાડા નવ વાગ્યાના અરસામાં રાયસીંગભાઈ તથા અન્ય બે જણાઓ રસ્તાની સાઈડમાં બેઠા હતા. તેવા સમયે નાની ઢઢેલી થી સુખસર તરફ આવી રહેલ ફોરવીલર એન્જોય ગાડી નંબર-જીજે.૨૩-એએન-૪૬૬૬ ના ચાલકે પૂરપાટ અને ગફલતભરી રીતે પોતાના કબજાની ગાડીને હંકારી લાવી રાયસીંગભાઈ કટારા ના અને અડફેટમાં લેતા ગાડીના પેડા રાયસીંગભાઈ ઉપર ફરી વળ્યા હતા. જેઓને પગે શરીર અને માથા માં ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ગાડીનો ચાલક અકસ્માત બાદ ગાડીને સ્થળ ઉપર છોડી ફરાર થઈ ગયો હતો. રાયસીંગભાઈનું અકાળે મોત નીપજતાંપરિવારમાં રોકકળ મચી જવા પામી હતી.

ઉપરોક્ત અકસ્માત સંદર્ભે મૃતક રાયસીંગભાઈ કટારાના પુત્ર સુરેશ ભાઈ રાયસીંગભાઈ કટારાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે અકસ્માત મોત અન્વયે ગાડી ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી લાશનું સુખસર સરકારી દવાખાનામાં પોસ્ટમોર્ટમ બાદ લાશનો કબજો તેમના વાલીવારસોને સોંપી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

## ગરબાડા નઢેલાવ ગામની સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ

ગરબાડા,
ગરબાડા તાલુકાના નઢેલાવ ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને એક યુવકે લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. ગત તારીખ ૧૮મી જૂનના રોજ ગરબાડા તાલુકાના નડાળા ગામે બારાના કુવા ફળિયા રહેતો સચાલાભાઈ વાલાભાઈ વહોનીયાએ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતા આ સંબંધે સગીરાના પિતાએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 261

# કાલોલના કરોલી ગામના વિકાસના કામોના ભ્રષ્ટાચાર મુદ્દે તેમજ ભ્રષ્ટાચાર કરાયો નથી તેવા સમર્થનમાં આવેદનપત્ર આપ્યું

કાલોલ,

કાલોલ તાલુકાનું કરોલી ગામ પંચાયતના વિકાસના કામોને લઈ વિવાદ વકરી રહ્યા છે. એક તરફ કરોલીના રાણીયા ફળીયાના રહિશ વિકાસના કામોમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ સાથે જીલ્લા કલેક્ટરને આવેદન આપીને તપાસની માંગ કરવામાં આવી છે. ત્યારે બીજી તરફ કરોલી ગામના ગ્રામજનો દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદન આપીને પંચાયતના સરપંચ, ડે.સરપંચ, તલાટીને વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપ કરી ગેરમાર્ગે દોરી રહ્યા છે. ત્યારે વિકાસના કામોમાં ગેરરીતિની અરજી દફતરે કરવા આવેદન આપવામાં આવ્યું.





પંચમહાલ જીલ્લાના કલોલ તાલુકાનું કરોલી ગ્રામ પંચાયત વિકાસના કામોને લઈ રાજકીય અખાડો બન્યું છે. કરોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસના કામોમાં મોટા પ્રમાણમાં ગેરરીતિ ભ્રષ્ટાચાર થયેલ છે. તેવું આવેદનપત્ર માજી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણના નેજા હેઠળ જીલ્લા કલેક્ટરને આપવામાં આવ્યું છે. આવેદનપત્રમાં કરોલી ગ્રામ પંચાયતના સરપંચ, ડે.સરપંચ, તલાટી કમ મંત્રી અને તેમના મળતીયાઓ દ્વારા એકબીજાના મેળાપીપણામાં વિકાસના કામોમાં કરોડો રૂપીયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. કરોલી ગ્રામ પંચાયતમાં થયેલ વિકાસના કામોની તપાસ કરવામાં આવે તેવા આવેદનપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## કરોલી ગામ વિકાસના કામોને લઈ રાજકીય અખાડો બન્યુ

જ્યારે બીજી તરફ પંચમહાલ જીલ્લાના માજી જીલ્લા પ્રમુખ રાજપાલસિંહ જાદવના નેજા હેઠળ કરોલી ગ્રામ પંચાયત વિસ્તારના ગ્રામજનો જીલ્લા કલેક્ટર કચેરી ખાતે આવ્યા હતા. ગ્રામજનો દ્વારા જીલ્લા કલેક્ટરને આવેદનમાં જણાવ્યું છે કે, કરોલી પંચાયતના સરપંચ, ડે.સરપંચ, તલાટી કમ મંત્રી દ્વારા વિકાસના કામોમાં ગેરરીતિ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. તેવી રજુઆત કરીને તપાસની માંગ કરવામાં આવી છે. કરોલી ગામના તમામ ગ્રામજનો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સરકારી સસ્તા અનાજની દુકાનો સંચાલક અને તેમના સાગરીતો દ્વારા રાજકીય રીતે વિકાસના કામોમાં ગેરરીતિ થયાના આક્ષેપ કરીને સરકારને ગેરમાર્ગે દોરી રહ્યા છે. કરોલી પંચાયતમાં વિકાસના કામો થયેલ છે અને તેમના રેકોર્ડ પુરાવા પણ છે. તેમ છતાં ખોટી રીતે વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર ગેરરીતિના આક્ષેપ કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. ત્યારે કરોલી ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં ગેરરીતિ અંગેના અરજીને ખોટી અરજી ગણીને દફતરે કરવાની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આમ કરોલી ગ્રામ પંચાયત વિકાસના કામોના નામે રાજકીય અખાડો બન્યું છે. ત્યારે હવે જોવાનું રહ્યું છે. વહીવટી તંત્ર બન્ને આવેદનપત્ર માટે કેવા પ્રકારની કાર્યવાહી કરે છે.

### કાલોલમાં રાજકારણ ગરમાયું

કાલોલ તાલુકાના કરોલી ગ્રામ પંચાયતને લઈ હાલ કેટલાક દિવસોથી અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. ત્યારે આજે કરોલી ગ્રામ પંચાયત દ્વારા થયેલ કામોમાં સચોટ તપાસ થાય તેને લઈ પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા ગોધરા કલેક્ટર ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જ્યારે બીજી તરફ કરોલી ગ્રામ પંચાયતના ગ્રામજનો દ્વારા થયેલ કામો યોગ્ય છે અને અગાઉ અપેલ આવેદનો અને અરજીઓ ખોટી છે તેમ કહી પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ રાજપાલસિંહ જાદવની ઉપસ્થિતિમાં ગોધરા કલેક્ટર ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું. હવે જોવાનું રહ્યું કે આ રાજકીય સ્ટંટમાં કોણ સાચું અને કોણ ખોટું સાબિત થશે ??

# ગોધરાના ગીદવાણી રોડ થી બસ સ્ટેશન સુધીના માર્ગ ઉપર પડેલ ખાડાઓ પોતાના ખર્ચે પુરતા માલવાહક વાહન ચાલક

ગોધરા,

ગોધરા શહેર બગીચા રોડ થી ગીદવાણી રોડ ઉપર ચોમાસાના નજીવા વરસાદ સાથે માર્ગ ઉપર ખાડાઓ પડી ગયેલ જોવા મળે છે. રોડ ઉપર પડેલ ખાડાઓ પુરવામાં પાલિકા તંત્ર ધ્યાન આપતું નથી. ત્યારે સ્ટેશન રોડ ઉપર લોડીંગ ટેમ્પો લઈ મજુરી કરતા શ્રમજીવીએ રોડ ઉપર પડેલ ખાડાઓને લઈ પોતાના માલવાહક વાહનને થતાં નુકશાન તેમજ અન્ય વાહન ચાલકો પડતી મુશ્કેલીઓ દુર કરવા માટે પોતાની માલવાહક ટેમ્પામાં પોતાના ખર્ચે કપચી ભરીને રોડ ઉપરના ખાડાઓ પુરતા જોવા મળ્યા છે.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા શહેરમાં ચોમાસાની સીઝન માંડ શરૂ થઈ છે. તે પહેલા સામાન્ય વરસાદમાં રોડ ઉપર ખાડાઓ પડેલા જોવા મળે છે. શહેરના બગીચા રોડ થી ગીદવાણી રોડ સુધી માર્ગ ઉપર ઠેર-ઠેર ખાડાઓ પડેલ છે. માર્ગ ઉપર પડેલ ખાડાઓને લઈ ભારદારી વાહન ચાલકો પરેશાન થતા હોય છે. બસ સ્ટેશન થી ગીદવાણી રોડ ઉપર હોલસેલની દુકાનો ઉપર ફેરા મારતા નાના માલવાહક વાહન ચાલકોને રોડ ઉપર પડેલ ખાડાઓને લઈને વાહનને નુકશાન થતું હોય છે. પરંતુ માર્ગો ઉપરના ખાડા પુરવાની પાલિકા તંત્ર શુધા લેતી નથી. ત્યારે આજરોજ ગોધરાના ગીદવાણી રોડ થી લઈને મોદીની વાડી, બગીચા રોડ ઉપર માર્ગો ઉપર પડેલ ખાડાઓ પુરવા માટે સ્ટેશન રોડ ઉપર માલવાહક ટેમ્પો ચલાવતા શ્રમજીવીએ પોતાના ખર્ચે ટેમ્પોમાં કપચી ભરીને રોડ ઉપરના ખાડાઓ પુરતા જોવા મળ્યા હતા. શહેરમાં પાલિકાને કરવા જેવી કામગીરી એક શ્રમજીવી માલવાહક વાહન ચાલક પોતાના ખર્ચે ખાડાઓ પુરતા હોય તે પાલિકા તંત્ર માટે શરમજનક ગણી શકાય છે.

# ગોધરા LCB પોલીસે હાલોલ ખોખરા ફળીયાના ઘરમાં કત્તલ માટે ગોંધી રાખેલ ૮ પશુઓ બચાવ્યા

ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, હાલોલ ખોખર ફળીયામાં એક મકાનની અંદર કત્તલના ઈરાદે પશુઓ ગોંધી રાખ્યા છે. તેવી માહિતીના આધારે રેડ કરી ૮ પશુઓ બચાવી લેવામાં આવ્યા.

હાલોલ ખોખર ફળીયામાં રહેતો ફૈસલ ફારૂક મેતરના કબજા ભોગવટાની એક મકાન સફેદ જેવા કલરનું છે. તે મકાનની અંદર કેટલાક ગૌવંશ બળદ તથા વાછરડા ફતલ કરવા સારૂ કોઈ પણ જગ્યાએથી મેળવી કોઈ પણ વાહનમાં ભરી લઈ આવી ઘરમાં બાધી રાખેલા છે. તેવી મળેલ



ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી. સ્ટાફના માણસો હાલોલ ખોખર ફળીયામાં બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા ફૈસલ ફારૂક મેતર રહે. રહીમ કોલોની હાલોલ તા. હાલોલ નાઓ મળી આવતા તેઓને પકડી પાડી મકાનમાં તપાસ કરતા મકાનના પાછળના ભાગેના રૂમમાં આઠ ગૌવંસ જેમાં બળદો નંગ- ૫ કિ.રૂ. ૭૫૦૦૦/- તથા વાછરડા નંગ- ૩ કિ.રૂ. ૧૫૦૦૦/- ના ગૌવંશ પશુઓને ગળાના ભાગે તથા પગના ભાગે ટુકા દોરડા વડે ત્રાસદાયક બાંધી પાણી તથા ઘાસચારો રાખેલ નહી હોય આ મુંગા પશુઓને કતલખાને જતા બચાવી લેવામાં આવેલ છે અને આ મુંગા પશુઓને પાંજરાપોળ ખાખરીયા ખાતે સુરક્ષીત જગ્યાએ મુકવામાં આવેલ છે. ઉપરોકત પકડાયેલ ફૈસલ ફારૂક મેતર રહે. રહીમ કોલોની હાલોલ તા.હાલોલ નાઓ વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી પશુઘાતકી પણાની જુદી જુદી કલમ હેઠળ હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

# ગોધરા બામરોલી રોડ સોસાયટીમાં ગાડી માંથી ચોરી કરેલ ગેસ સીલીન્ડર સાથે એક ઈસમને ઝડપ્યો

ગોધરા,

ગોધરા શહેર બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, ભીલોડીયા પ્લોટ જાકીર હુસેન સ્કુલ પાછળ રહેતા ઈસમે ક્યાંક થી સી.એન.જી. ગેસના ચોરી કરેલ સીલીન્ડર સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ગેસનો સીલીન્ડર કબ્જે લેવામાં આવ્યો હતો. આરોપીની પુછપરછ દરમ્યાન બામરોલી રોડની સોસાયટીમાં ગાડી માંથી ચોરી કર્યાની કબુલાત કરી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર ભીલોડીયા પ્લોટ જાકીર હુસેન સ્કુલ પાછળ રહેતા શાહીદ ઉર્ફે મેલ્યો જાવેદ સીદ્દીક કોઈ જગ્યા એથી સી.એન.જી. ગેસના સીલીન્ડર ચોરી લાવીને સંતાડી રાખ્યો છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન શાહીદ ઉર્ફે મેલ્યાને સી.એન.જી. ગેસ સીલીન્ડર કિંમત ૧૦,૦૦૦/- રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીને પોલીસ મથકે લાવી પુછપરછ કરતા બામરોલી રોડ વિસ્તારની સોસાયટીમાં પાર્ક કરેલ ગાડી માંથી ચોરી કર્યાની કબુલાત કરી હતી. ગાડી માંથી સી.એન.જી. ગેસ સીલીન્ડર ઝડપાઈ જતાં પોલીસ મથકે નોંધાયેલ સી.એન.જી. ગેસ ચોરીનો ગુનો અનડીટેક્ટ કરવામાં આવ્યો.




# જાંબુઘોડામાં લાંચ લેતાં ઝડપાયેલા નાયબ મામલતદારના જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

જાંબુઘોડા,

જાંબુઘોડા તાલુકા મામલતદાર કચેરીમાં જાતિનો દાખલો કાઢી આપવા માટે ૨૦૦ રૂપીયાની લાંચ લેતાં ઝડપાયેલા નાયબ મામલતદારના જામીન અરજી સેશન કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવી.

વિસ્તૃત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકા મામલતદાર કચેરીમાં એટીવીટી વિભાગના ચાર્જ સંભાળતા નાયબ મામલતદાર નવીન રાઠવા એક સપ્તાહ પહેલા કચેરીમાં જાતિનો દાખલો લેવા આવતાં અરજદારો પાસેથી ૨૦૦ થી ૫૦૦ રૂપીયાની લાંચ લેતા હોય તેના આધારે વડોદરા એસીબી એ છટકું ગોઠવીને જાંબુઘોડા મામલતદાર કચેરી માંથી જાતિનો દાખલ કાઢી



આપવા માટે ૨૦૦ રૂપીયાની લાંચ લેતાં રંગેહાથ નાયબ મામલતદારને ઝડપી પાડવામાં આવ્યો હતો. નવીન રાઠવાના રીમાન્ડ પુરા થતાં હાલોલ સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. કોર્ટમાં નાયબ મામલતદાર નવીન રાઠવાના જામીન અરજી મુકતા કોર્ટ દ્વારા જામીન અરજી નામંજુર કરવામાં આવી છે.

# હાલોલ પાવાગઢ રોડ ઉપર બે આખલા લડાતા લોકોમાં ભય



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

પંચમહાલ જીલ્લામાં આવેલા રખડતા પશુઓના ત્રાસના કારણે સામાન્ય જનતા પરેશાન થતી રહે છે. જેનું એક મોટુ ઉદાહરણ આજે હાલોલ નગરના પાવાગઢ રોડમાં જોવા મળ્યું હતું. જેમાં અહીંના વિસ્તારમાં પાછલા ઘણા સમયથી આખલાઓનો રોડ પર જમાવડો જોવા મળે છે. ત્યારે બપોરે અચાનક બે આખલાઓ રોડની વચ્ચો વચ્ચ સીંગડા વડે એકબીજાને માથું મારી લડતા જોવા મળતા ભારે અફરાતરફી જોવા મળી હતી. એટલું જ નહી થોડા સમયે વાહનચાલકો પોતે તેના લડાઈનો ભોગ ના બને તે માટે ઉભા રહેવાની ફરજ પડી હતી. જાણે બે ઓખલાઓ પાવાગઢ રોડ વિસ્તારમાં પોતાનું આધિપત્ય સ્થાપવા લડાઈ લડતા હોય તેમ યુધ્ધે ચઢ્યા હતા. આ લડતા આખડાને સ્થાનિકો દ્વારા પોલીસ બેરીકેટથી છુટા પાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આખલાઓની લડાઈએ કેટલાક વાહનોને પણ નૂકશાન પહોચાડ્યું હતું. આખરે આખલાઓ છૂટા પડતા હાશકારો થયો હતો. ત્યારે આ રીતે રસ્તે રઝળતા પશુઓને ઢોર ડબામા પુરવામાં આવે તેવી પણ લોકમાંગ થઈ રહી છે.

# પંચમહાલ આપ પાર્ટીના દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજુઆત



ગોધરા,

મફત શિક્ષણ અધિકાર અધિનિયમ એક્ટ હેઠળ ધોરણ-૧ માં પ્રવેશ મેળવવા ઑનલાઈન ફોર્મ ભરવામાં આવી રહ્યા છે.

જેમાં ફોર્મ ભરવાનો સમયગાળો તથા ત્યારબાદ ફોર્મ ચકાસણી કરવામાં આવે છે તે દરમિયાન કોઈ ફોર્મમાં કોઈ પ્રકારની ક્ષતિ રહી હોય, અધુરી રહી ગયેલી વિગત કે જરૂરી પૂર્તતા કરવાના કાગળો ના હોય તેવી ક્ષતિપૂર્તિ કરવા માટે વાલીઓને જાણ કરવામાં આવતી હોય છે. જે સંદર્ભે પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખએ આજ રોજ પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીને એક રજુઆત કરવામાં આવી છે અને આ રજૂઆતમાં જણાવ્યું છે કે, RTE-2009 એક્ટ હેઠળ ધોરણ-૧ માં પ્રવેશ મેળવવાની પ્રક્રિયામાં ક્ષતિપૂર્તિનો સમય તા.૬/૭/૨૦૧ થી તા.૧૦/૭/૨૦૨૧ સુધી રાખવામાં આવ્યો છે જેની અવધિ માત્ર પાંચ દિવસ છે. આજે કોરોના મહામારીના સમયમાં કેટલીક સરકારી ઓફિસોમાં કામગીરી ધીમી રહી છે. લોકોની અવર-જવર ઉપર પણ મર્યાદાઓ હતી તેમજ શનિવાર રવિવાર ના દિવસો ની રજાઓ હોવાનાં કારણે કેટલાક દસ્તાવેજી પુરાવા એકઠા કરવા સમય ના મળ્યો હોય અથવા આપવામાં આવેલ સમય પાંચ દિવસનો છે એ પુરતો નથી તેથી સમય વધારવામાં આવે એવી માંગ કરવામાં આવી છે.

વાલીઓને આ ફોર્મ ભરવાની માહિતી હોતી નથી અને ઉતાવળ માં ફોર્મ ભરી દેતાં હોય છે ત્યારે ફોર્મ માં કેટલીક ક્ષતિઓ રહી જતી હોય છે ત્યારે આ ક્ષતિપૂર્તિ કરવા માટે સમય વધારવામાં આવે તો કોઈ બાળક આ RTE-2009 એક્ટ હેઠળ પ્રવેશ મેળવવા થી વંચિત ન રહી જાય એવા શુભ આશયથી આ રજૂઆત કરવામાં આવી છે એમ જિલ્લા પ્રમુખે જણાવ્યું છે.

# જીલ્લા કક્ષાના વિજ્ઞાનમેળામાં સ્વાસ્થ્ય આરોગ્ય અને સ્વચ્છતાની કૃતિ ડેમલી હાઈસ્કુલ દ્વારા પ્રદર્શિત કરાઈ

શહેરા,

હાલમા કોરોનાની મહામારીને કારણે શાળાઓ-કોલેજોમાં શિક્ષણકાર્ય ઓનલાઇન થઈ રહ્યુ છે. ત્યારે હવે દર વર્ષે યોજાતા વિવિધ શૈક્ષણિક પ્રદર્શનો પણ ઓનલાઈન યોજાઈ રહ્યા છે. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પંચમહાલ ગોધરાના સંયુક્ત ઉપક્રમે જીલ્લા સ્તરીય ગણિત વિજ્ઞાન -પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૧નો ઓનલાઈન જિલ્લા કક્ષાનો વિજ્ઞાનમેળો-૨૦૨૦-૨૧નો યોજાયો હતો. જેમાં શહેરા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

તાલુકાની અનેક શાળાઓએ આમા ભાગ લીધો હતો. જેમાં વિભાગ-૨ "સ્વાસ્થ્ય આરોગ્ય અને સ્વચ્છતા"- પ્રોજેક્ટ ની કૃતિ ઉત્તર બુનિયાદી વિદ્યાલય ડેમલી તરફથી પ્રદર્શિત કરવામાં આવી હતી.બાળ વૈજ્ઞાનિકો તરીકે ડામોર રાહુલ મોતીભાઈ તથા ડામોર મંગલેશ શંકરભાઈ (ધોરણ ૧૦) દ્વારા રજૂઆત પ્રેઝન્ટેશનકરવામાં આવી હતી. કૃતિમાર્ગદર્શક આયોજક ઈન્દ્રવદન નાથાલાલ પરમાર મદદનીશ શિક્ષક ઉત્તર બુનિયાદી વિદ્યાલય ડેમલી રહ્યા હતા. શાળા પરિવાર તરફથી રજુ કરવામા આવેલી "સ્વાસ્થ્ય આરોગ્ય અને સ્વચ્છતા"-પ્રોજેકટની કૃતિ રાજ્યકક્ષા સુધી જશે તેવો આશાવાદ વ્યક્ત કરવામા આવ્યો હતો.

# દાહોદના રળીયાતી ગામે ધાબા ઉપર કામ કરતાં શ્રમજીવીનો ઈલેક્ટ્રીક વાયર હાથ પર પડી જતાં મોત

દાહોદ,

દાહોદ તાલુકાના રળિયાતી ગામે ધાબા પર કારીગરનું કામ કરી રહ્યો હતો. તે સમયે ઈલેક્ટ્રીક વાયરને અકસ્માતે પડી જતા તેનું મોત નિપજ્યાનું જાણવા મળે છે.

ગત તારીખ ૨૭મી જૂનના રોજ સાંજના ચારેક વાગ્યા આસપાસ દાહોદ તાલુકાના ગામે સાંગા ફળિયામાં રહેતા ૨૨ વર્ષીય અરવિંદભાઈ સુરપાલભાઈ બારીયા એક મકાનના ધાબા પર કારીગરનું કામ કરી રહ્યો હતો. તે સમયે ધાબા પરથી પસાર થઇ રહેલ ચાલુ વીજવાયરને અકસ્માતે પડી જતા અરવિંદભાઈને સખત કરંટ લાગ્યો હતો અને તેઓને તાત્કાલિક પરિવારજનો દ્વારા નજીકના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં અરવિંદભાઈ નો સારવાર દરમિયાન મોત નીપજતાં આ સંબંધે રળીયાતી સાંગા ફળિયામાં રહેતા મનહરભાઈ સૂરપાલભાઈ બારીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના રાણીયાર ગામે પિયર ગયેલ પત્નિના વિરહમાં પતિ એ આપઘાત કર્યો

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના રાણીયાર ગામે એક-દોઢ વર્ષથી પિયર માં બેઠેલ પત્ની પોતાની સાસરીમાં ન આવતા મનમાં લાગી આવતા પરણિતાના પતિએ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઝાલોદ તાલુકાના રાણીયાર ગામે રહેતા બળદેવસિંહ રૂપસીંગ કોળીની પત્ની પુષ્પાબેન એક - દોઢ વર્ષથી પોતાના પિયરમાં જતી ન હતી. ગઈકાલેબેન એક માત્ર એક દિવસ માટે પોતાની સાસરી રનીયાર ગામે આવી હતી અને પાછી જતી રહી હતી. આ વાતનું મનદુઃખ થતાં પુષ્પાબેનના પતિ બળદેવસિંહને મનમાં લાગી આવતા તેણે દોરડા વડે પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે પરિવારજનોમાં પણ શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ સંબંધે રણીયાર ગામે રહેતા અને પુષ્પાબેનની સાસુ વર્ષીય એવા ગંગાબેન રૂપસિંહભાઈ કોળીએ લીમડી પોલીસ મથકે જાણવાજોગ આપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.